Gyan Amrit
જ્ઞાનામૃત

Vol.7 - Issue 7
July 2014
Retail Price 7.50/-

દીદી મનમોહિનીજી - સ્મૃતિ દિવસ - ૨૮ જુલાઇ ૧૯૮૩

ગાંધીનગરમાં ગુજરાતનાં પ્રથમ મહિલા મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલનું સન્માન કરતાં રાજયોગિની સરલાદીદી તથા બ્ર.કુ. મૃત્યુંજયભાઈ, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ.કૈલાસબેન.

ગાંધીનગર કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ ભ્રાતા વલ્લભભાઈ પટેલને ઈશ્વરીય સ્મૃતિ ચિન્હ આપતા શિક્ષા પ્રભાગના ઉપાધ્યક્ષ બ્ર.કુ. મૃત્યુંજયભાઈ.

ભરુચ ઝાડેશ્વરમાં શિક્ષા પ્રભાગની રીટ્રીટનું ઉદ્ઘાટન કરતાં ઉપાધ્યક્ષ બ્ર.કુ. મૃત્યુંજયભાઈ, રાષ્ટ્રીય સંયોજક ડૉ. હરીશ શુકલ, બ્ર.કુ. ચોકસીભાઈ, બ્ર. કુ. શારદાબેન તથા બ્ર.કુ. પ્રભાબેન.

વડોદરા અલકાપુરીમાં તનાવ પ્રબંધન શિબિરનું દીપ પ્રજ્જવલન કરતાં બ્ર.કુ.ડૉ.નિરંજનાબેન, ભગિની કુમકુમ લાલ, ભ્રાતા બાબુભાઈ ભૂરીયા, બ્ર.કુ. ડૉ. અનિલભાઈ તથા બ્ર.કુ.નરેન્દ્રભાઈ.

અતુલ ગ્રુપની કંપનીમાં 'Balance Sheet of Life' કાર્યક્રમનું દીપ પ્રજ્વલન કરતાં ચેરમેન ભ્રાતા સુનિલ લાલભાઈ, બ્ર.કુ. શિવાનીબેન, બ્ર.કુ. રંજનબેન, બ્ર.કુ. રોહિતભાઈ સાથે કંપનીનાં અગ્રણી અધિકારીગણ.

કુકરવાડા સેવાકેન્દ્રના રજત જયંતી મહોત્સવ કાર્યક્રમમાં આશીર્વચન આપતાં રાજયોગિની દાદી રતનમોહિનીજી તથા શહેરના ગણમાન્ય નગરજનો.

સુરત-માંગરોળમાં સંગીત સંધ્યાનું ઉદ્ઘાટન કરતાં સામાજિક અગ્રણી દિલીપભાઈ, બ્ર.કુ. પૂર્ણિમાબેન, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. શારદાબેન તથા સંગીતકાર બ્ર.કુ.ડૉ.પુનિતભાઈ.

ગાંધીનગરમાં નાણા વિભાગના અધિક મુખ્ય સચિવ ભ્રાતા હસમુખ અઢીયા(IAS) ને ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. હરીશભાઈ સાથે બ્ર.કુ. કૈલાસબેન અને બ્ર.કુ. તારાબેન.

Gyan Amrit
જ્ઞાનામૃત

વર્ષ : ૭ જુલાઈ, ૨૦૧૪ અંક : ૭

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર

અમૃતસૂચિ

- નિર્વિઘ્ન અવસ્થા .... તંત્રી સ્થાનેથી 04
- પ્રસન્નતાના પથ પર .... બ્ર.કુ. શિવાનીબેન 07
- પ્રસંગ પરિમલ 11
- સંવાદ - જાગો, ક્યાં સુધી .... બ્ર.કુ. પ્રફુલ્લચંદ્ર 16
- મનનો અન્ન પર અને અન્નનો .... બ્ર.કુ. જગદીશચંદ્ર 19
- ચિંતામુક્ત બનો .... બ્ર.કુ. ગોદાવરીબેન 22
- યુવાવિભાગ, યુવા શોઝ શિવ! .... બ્ર.કુ. વિવેકાનંદ 23
- ગીત .... બ્ર.કુ. ભગવાનભાઈ ...25
- યજ્ઞને નિર્વિઘ્ન બનાવો .... બ્ર.કુ. સૂર્યભાઈ 26
- મૌનનો મહિમા 29
- જીંદગી એક પાર્સલ .... બ્ર.કુ. નીતાબેન 30
- ગીત .... બ્ર.કુ. ભગવાનભાઈ ...30
- કુશળ પ્રશાસન માટે નૈતિક મૂલ્ય જરૂરી 31

લવાજમના નવા દર

ભારતમાં

વાર્ષિક લવાજમ	રૂા.	૯૦–૦૦
આજીવન સભ્ય	રૂા.	૨૦૦૦–૦૦
છૂટક નકલ	રૂા.	૭–૫૦

વિદેશમાં

એરમેઈલ વાર્ષિક	રૂા.	૧૦૦૦–૦૦
આજીવન સભ્ય	રૂા.	૧૦૦૦૦–૦૦

કૃતિઓ તથા સેવા સમાચાર મોકલવાનું સરનામું

બ્ર.કુ. ડૉ. કાલિદાસ પ્રજાપતિ

તંત્રી : જ્ઞાનામૃત

જી–૨, ૨૨ શિવમ એપાર્ટમેન્ટ,

નવા વાડજ, અમદાવાદ–૩૮૦૦૧૩.

Phone : 079 - 27621551

'જ્ઞાનામૃત'ને નિયમિત પ્રકાશિત કરવા માટે મુદ્રણ સામગ્રીનું આયોજન ઘણું એડવાન્સમાં થાય છે. તેથી કૃતિઓ, તસવીરો અગ્રતાક્રમે મળશે તે મુજબ ધ્યાનમાં લેવાશે.

– તંત્રી

મુદ્રક : રાજયોગિની સરલાદીદી

પ્રકાશક : બ્રહ્માકુમારી ઉષાબેન

આવશ્યક નોંધ

લવાજમની રકમનો ડ્રાફ્ટ નીચેના નામે લખશો.

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય (ગુજરાતી જ્ઞાનામૃત)

લવાજમ મોકલવાનું, સરનામું બદલાયાની જાણ કરવાનું તથા પૂછપરછનું સરનામું નીચે મુજબ છે.

ગુજરાત ઝોન મુખ્યાલય :

બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ગામડીવાળા ડેરી સામે, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ–૩૮૦૦૨૨

Phone : 079 - 25324160, 25324460, 25324660

પ્રકાશન સ્થળ :

રાજયોગ ભવન, ૧, ચતુર્ભુજ કોલોની, ગોરધનવાડીનો ટેકરો, કાંકરિયા, અમદાવાદ–૨૮

Ph : 079 - 25431676

Email : gyanamrit.guj@gmail.com; maninagar.amd@bkivv.org

તંત્રી સ્થાનેથી

સાધનાપથના યાત્રિકો માટે સ્વ ઉન્નતિનો પુરુષાર્થ

કોઈપણ ધર્મ, મઠ, પંથ, સંપ્રદાય કે અન્ય કોઈ વિચારધારામાં માનતો સાધક સ્વઉન્નતિ માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈને આધ્યાત્મિક પુરુષાર્થ કરે છે, તો તેનું અદ્ભુત ફળ તેને મળે છે. જીવનમાં ઉચ્ચતમ લક્ષ્ય નિશ્ચિત કરીને તેને સિદ્ધ કરવાનો પુરુષાર્થ કરવામાં આવે તો લક્ષ્ય પ્રમાણેનાં લક્ષણો જીવનમાં દ્દષ્ટિગોચર થાય છે. આપણે સૌ સ્વઉન્નતિ માટે નીચેની પ્રતિજ્ઞા વાંચી તેને સાકાર કરવા માટે પ્રતિજ્ઞાબદ્ધ થઈએ.

પ્રતિજ્ઞા

૧. હું નિમિત્તભાવ અને ક્ષમાભાવ ધારણ કરીશ.

૨. આત્મભાવ અને સર્વ પ્રત્યે શુભભાવના, શુભ કામના રાખીશ.

૩. દરેક પરિસ્થિતિમાં એક પળમાં પરિવર્તન કરી પૂર્ણવિરામ મૂકીશ.

૪. મન, વાણી, કર્મ, સંબંધ, સંપર્ક, સ્વપ્ન સૌમાં પવિત્રતા રાખીશ.

આ પ્રતિજ્ઞાપત્રમાં આધ્યાત્મિક પુરુષાર્થની જે વાતો મૂકવામાં આવી છે તે સર્વાંગ સંપૂર્ણ છે. આત્મા જ્યારે આટલી સિદ્ધિઓથી સંપન્ન બને છે ત્યારે દિવ્યતા, મહાનતા અને દેવત્વ તેનાથી દૂર રહેતું નથી.

આપણે પ્રતિજ્ઞાઓ તો અવારનવાર કરીએ છીએ. પણ સમય જતાં તેની વિસ્મૃતિ થાય છે. પ્રતિજ્ઞાનો ગુહ્ય અર્થ છે, એક વખત પ્રતિજ્ઞા લીધા પછી તેનાથી ચલિત ના થવું. વારંવાર તે પ્રતિજ્ઞાની યાદ રહે તે માટે એક ડાયરીમાં યા બોર્ડ સ્વરૂપે તે લખીને વારંવાર તેનું ધ્યાન રહે, તે જરૂરી છે. પ્રતિજ્ઞા લેતી વખતે જે ઉમંગ, ઉત્સાહ, ધગશ હોય તે ધ્યેય પ્રાપ્તિ સુધી અચૂક જળવાઈ રહેવાં જોઈએ. આ પ્રતિજ્ઞામાં આવેલા મહત્વપૂર્ણ શબ્દોનું ચિંતન કરીએ.

નિમિત્તભાવ :

હું અને મારાપણું એમાંથી મુક્ત થવું અઘરું છે. બ્રહ્માબાબાને દિવ્ય સાક્ષાત્કારો થયા. તીવ્ર વૈરાગ્યના ફલ સ્વરૂપે પોતાની સ્થાવર જંગમ સઘળી સંપત્તિ ઈશ્વરીય કાર્યમાં સ્વાહા કરી સ્વયં ટ્રસ્ટી બની ગયા. ત્યારથી કર્તાપણાનો ભાવ ચાલ્યો ગયો. નિમિત્તભાવ જાગૃત થયો. સર્વ કાર્ય પરમાત્માનું છે. પરમાત્માએ મને ઈશ્વરીય સેવાના કાર્ય માટે નિમિત્ત બનાવ્યો છે એટલે મારી સંપૂર્ણ વફાદારી પરમાત્મા અને તેમના કાર્ય માટે રહે. વરિષ્ઠ દાદીઓને પત્રકારો પ્રશ્ન પૂછે છે ત્યારે દાદીઓ (વરિષ્ઠ પ્રશાસિકા બહેનો) હળવાશથી કહે છે ‘હું તો નિમિત્તમાત્ર છું. કરન કરાવનહાર શિવબાબા બધું કરાવી રહ્યા છે.’ આ ચિંતનથી હળવાશની સાથે સાથે અહંભાવનો ત્યાગ પણ થાય છે. નિમિત્તભાવ એ અહંને ઓગાળવાની પ્રક્રિયા છે. માલિકીભાવ ઓસરી જાય ત્યારે જ નિમિત્તભાવ પ્રગટે. નિમિત્તભાવ એટલે સંસ્થાની પાઈપાઈનો, સમય, શક્તિ, સાધનોનો સમુચિત ઉપયોગ. શ્રીમત (શ્રેષ્ઠ ઈશ્વરીયમત) ના પ્રાણમાં નિમિત્તભાવનો રણકાર ધબકે.

જ્યાં નિમિત્તભાવ છે ત્યાં અહંભાવ નથી. તેથી સદા ઉન્નતિ થતી રહે છે. નિમિત્તપણાની ભાવના શ્રેષ્ઠ ફળ આપે છે. સેવા સાથીઓમાં નિમિત્તભાવ, ટ્રસ્ટીપણાનો ભાવ હશે, તો સેવાસ્થાનની સુવાસ સર્વત્ર પ્રસરશે. નિમિત્તપણાના ભાવથી વિશ્વકલ્યાણની ભાવના ઉન્નત થાય છે.

ક્ષમાભાવઃ

ૢકત્રૂકક ટ્રજીરુ ત્રૂકઠુકત્રૂૅ ત્ન ક્ષમા એ વીરનું ભૂષણ છે. આપણા લૌકિક અને અલૌકિક જીવનમાં આપણે કોઈના અપમાન, અવગણના, ટીકા, ઘૃણાભાવ, ઈર્ષ્યાભાવ, સ્થૂલ-સૂક્ષ્મ હિંસાના શિકાર બન્યા હોઈએ છીએ. કોઈ આપણા પથમાં બાધક બનીને આપણી વિકાસયાત્રાને રોકે છે. અસત્ય આરોપણ દ્વારા સત્યને ગૂંગળાવવાનો પ્રયાસ કરે છે. ત્યારે લોકો દુઃખી થાય છે. વેરઝેરની, બદલાની ભાવનામાં વૃદ્ધિ થાય છે. પણ રાજયોગી તો આનાથી પર છે. કર્મોની ગહનગતિના

જ્ઞાનને લીધે ઈશ્વરીયજ્ઞાનના શ્રવણને લીધે, રાજયોગના નિયમિત અભ્યાસ અને રાજયોગી જીવનના નિયમો અને મર્યાદાઓના પાલનને કારણે તેના દયમાં એવી વિશાળતા જન્મે છે કે તે આવાં કર્મો કરનારને માફ કરી દે છે. તેના પ્રત્યે ક્ષમાભાવ રાખે છે.

બ્રહ્માબાબા ક્ષમાભાવનું અણમોલ ઉદાહરણ છે. બાબા કહેતા, 'ટક્કઝ્રૅક્ષ્ટ દશ્વશ્વક્રઝ્રૅશ્વ ઙ્ગેંક્શ્વ ટક્રઝ્રૅશ્વ ઝ્રૅટક્ક્ત્ક્શ્વ.' બાબાએ એવાં અનેક લોકોને માફ કરી, તેમના પ્રત્યે રહેમભાવ અને સ્નેહભાવ રાખ્યાં છે. આવા આત્માઓના કલ્યાણની તેમણે કામના રાખી છે.

અનેક સાધુ સંતો, પીર પેગંબરો, ધર્મ સ્થાપકો, ભિન્ન ભિન્ન ક્ષેત્રના મહાન પુરુષો-સ્ત્રીઓ ક્ષમાભાવને લીધે અમર બન્યાં છે.ઈશુખ્રિસ્તે એમને વધસ્તંભ ઉપર ચઢાવી મોત આપનારને માફ કર્યા. સ્વામી દયાનંદ સરસ્વતીએ રસોઈમાં ઝેર આપનાર પોતાના રસોઈયાને ક્ષમા કરી તેને બચવાની તક આપી. આવાં તો ઘણાંયે

ષ્ટાંતો છે.

ક્ષમા આપનાર સાગર જેવા છે. ક્ષમા આપીને હળવા થવાનું છે. ક્ષમાભાવ એ સુવાસ છે. ગમે તેવા કઠોર દયનો માનવ ક્ષમાભાવથી બદલાય છે. તેથી જીવનમાં ક્ષમાભાવને ધારણ કરી પરમાત્મ પ્રત્યક્ષતામાં નિમિત્ત બનવાનું છે.

આત્મભાવ :

ઈશ્વરીય જ્ઞાનનું પ્રથમ પગથિયું આત્મભાવ છે. દેહભાનની વિસ્મૃતિ અને આત્મભાવની જાગૃતિ. કોઈને જોતાં જ્ઞાતિ, જાતિ, વય, લિંગભેદ, ભાષાભેદ, રાષ્ટ્રભેદ આ સર્વથી ભિન્ન અજર, અમર, અવિનાશી ચૈતન્યસત્તા જ્યોતિબિન્દુ સ્વરૂપ આત્માની અનુભૂતિ થાય. આત્માના ગુણો-શક્તિ, જ્ઞાન, પવિત્રતા, શાંતિ, પ્રેમ, આનંદ, સુખ-ના આધારે આત્માની ઓળખ થાય. આત્માનુભૂતિ થાય પછી જ પરમાત્માનુભૂતિ સંભવ બને. આધ્યાત્મિક જ્ઞાનનો, પુરુષાર્થનો પાયો જ છે આત્મભાવ. જ્યાં દેહ અને દેહના સર્વસંબંધો લુપ્ત થાય છે. વિશ્વપિતા પરમાત્મા અને તેનાં સંતાનો આત્માઓ-આજ ભાવ રહે છે. ત્યારે વસુધૈવકુટુંબકમની, વિશ્વ એક પરિવારની ભાવના જન્મે છે. આત્મભાવ સર્વ પ્રકારના ભેદોને ઓગાળી દે છે. નિરંતર આત્મભાવ અનુભવાય તો સ્થિતિ, પરિપક્વ, સ્થિતપ્રજ્ઞ, ઉપરામ બને છે.

શુભભાવના, શુભકામના

શુભભાવના એટલે શક્તિશાળી સંકલ્પોની સૃષ્ટિ. સર્વ આત્માઓ પ્રત્યે સદાકાળ અને જ્ઞાનયુક્ત કલ્યાણની ભાવના. આપણી શુભ ભાવના, શુભકામના શ્રેષ્ઠ ફળની અનુભૂતિ કરાવે છે. શુભકામના જન્મે છે તેમાંથી શુભભાવના આકાર લે છે. આપણે દુઃખી, અશાંત આત્માઓ પ્રત્યે રહેમદિલની કામના રાખવાની છે. કોઈપણ આત્માના જીવનપરિવર્તન માટે શુભભાવના અને શુભકામના એ આધારશિલા છે.

આપણી શુભભાવના, શુભકામનાને અભિવ્યક્ત કરતી સંકલ્પશક્તિ શક્તિશાળી હોવાની સાથે શુદ્ધ સ્વરૂપની હોય તે અપેક્ષિત છે. જેથી અન્ય આત્માઓ પણ તેની અનુભૂતિ કરી શકે છે. અંતિમ સમયમાં ભાવનાવાળા ભકતોની ભીડ જામશે. આપણી શુભભાવના, શુભકામનાથી તેઓ ધન્યતાની, પ્રાપ્તિની અનુભૂતિ કરશે. શુભભાવના, શુભકામનાથી દૈવી સંગઠન એકરસ સ્થિતિમાં સ્થિત થઈ શકે છે. સંકલ્પ, બોલ અને કર્મમાં શુભભાવના, શુભકામના હશે તો આપણને વિશ્વસેવાના આપણા ધ્યેયમાં અવશ્ય સફળતા મળશે.

આપણી શુભભાવના, શુભકામના દ્વારા સુખમય સંસાર સતયુગનું સ્વપ્ન સાકાર થશે. અસંતુષ્ટ આત્માઓ આપણી શુભભાવના, શુભકામનાના પ્રભાવના બળે સ્વયંના દોષોનો એકરાર કરી સ્વયંનું પરિવર્તન કરશે. પુણ્યના ખાતામાં વૃદ્ધિ કરવા માટેનું અસરકારક માધ્યમ શુભભાવના, શુભકામના છે.

શુભભાવના, શુભકામનાની પ્રાપ્તિઓ ઉલ્લેખનીય છે. અસંતુષ્ટઆત્માઓ સંતુષ્ટબને છે. સ્નેહી અને સહયોગી બને છે. શુભભાવના, શુભ-કામનાયુક્ત સાધક વ્યર્થથી

મુક્ત બને છે. તેનાથી પુણ્યના ખાતામાં વૃદ્ધિ થાય છે. કપરું કાર્ય સરળ બનાવવામાં શુભભાવના અસરકારક નીવડે છે. શુભભાવનાની યથાર્થ અવસ્થામાં રહેનાર યોગીસ્વયંને ભક્તોની સમક્ષ પૂજ્ય નહીં બનાવે પણ તેમનો બુદ્ધિયોગ પરમાત્મા સાથે જોડાવશે. શુભભાવના જ નિર્બળ આત્માઓને યોગ દ્વારા બળવાન બનાવે છે. સર્વ પ્રત્યે શુભભાવના હશે, તો વાયુમંડળ શક્તિશાળી બનશે. શુભભાવનાથી સહનશીલતાનું બળ મળે છે. જેથી વિપરીત સંસ્કારોવાળા આત્માથી અલિપ્ત થવા કરતાં તેની સાથે અનુકૂલન સાધવામાં મદદ મળે છે. શુભભાવનાના મહત્વને જાણીને તેનો પ્રયોગ કરવાથી વિરલ સિદ્ધિઓ મળે છે.

પરિવર્તન શક્તિ :

યોગીને ભિન્ન ભિન્ન પરીક્ષાઓ અને પરિસ્થિતિમાંથી પસાર થવાનું હોય છે. સામાન્ય માનવ જીવનમાં આવનારી પરિસ્થિતિથી વિચલિત બને છે. હતાશ, નિરાશ, નાસીપાસ થાય છે. ક્યારેક આત્મહત્યાઓ જેવી ઘટનાઓ પણ બને છે. સ્વભાવ, સંસ્કારની ટક્કર જેવા પ્રશ્નોમાં પણ તેની કસોટી થાય છે. આવા સમયે ગમે તેટલી વિકરાળ પરિસ્થિતિમાં પણ સ્વસ્થ રહી તેમાં ઉત્તીર્ણ થવા માટે પરિવર્તનશક્તિની આવશ્યકતા છે. જે કંઈ બની ગયું તેને સૃષ્ટિનાટક સમજીને પૂર્ણવિરામ મૂકવાની ક્ષમતા કેળવાય, તો સ્થિતિ અચલ, અડોલ, એકરસ રહી શકે છે.

મન વાણી અને કર્મથી કલ્યાણકારી કાર્યોમાં વ્યસ્ત રહેવાથી પરિવર્તન શક્તિમાં વેગ આવે છે. અન્ય આત્માઓની સેવાના ફલસ્વરૂપે મળનારી દુઆઓ જીવનમાં પ્રાપ્તિની અનુભૂતિ કરાવે છે. પ્રાપ્તિથી પરિવર્તન સરળ બને છે. પરમાત્માએ આપણને દેવતા બનવાનું લક્ષ્ય આપ્યું છે. તેનાથી લૌકિકવૃત્તિ, કોઈના દોષ જોવાની વૃત્તિ ઈર્ષ્યા, ઘૃણાભાવ અને કાન ભંભેરવાની વૃત્તિનું પરિવર્તન કરવાનું છે. સંબંધોમાં રુહાનિયત હશે તો લૌકિક વૃત્તિ બદલાઈ જશે. મહાન પુરુષો-સ્ત્રીઓનાં વચનો પરિવર્તન કરાવે છે. જો આપણે સ્વમાનમાં રહીશું તો અભિમાન અને અપમાનની ભાવના લુપ્ત થઈ જશે. ગમે તેવા સ્વભાવ, સંસ્કારવાળા આત્માઓ પ્રત્યે પણ સ્નેહ, સહયોગ, શુભભાવના રાખી તેનું પરિવર્તન કરવા માટે નિમિત્ત બનીએ. મધુરતા, શુભભાવના, શુભકામના, સહનશીલતા, સ્નેહ અને ક્ષમાભાવ પરિવર્તનશક્તિનાં પગથિયાં છે.

પરિવર્તનશક્તિના મૂળમાં ઢસંકલ્પનું બળ અતિ આવશ્યક છે. જ્યાં ઢતા છે ત્યાં સફળતા છે. આળસ, બેદરકારી પરિવર્તનશક્તિ માટે બાધક બને છે. સાંપ્રત પરિસ્થિતિ જોતાં રહેમદિલીની ભાવનાથી ભરપૂર બનીશું તો વિઘ્નોનું પરિવર્તન કરી શકીશું.

સંપૂર્ણ પવિત્રતાઃ

માત્ર બ્રહ્મચર્ય પાલન જ નહીં પણ મન, વાણી, કર્મમાં વિકારોના સૂક્ષ્મઅંશો પણ ના રહે તેજ સંપૂર્ણ પવિત્રતા છે. બ્રહ્માબાબાના પથ ઉપર ચાલવું તે બ્રહ્માચારી બનવા બરાબર છે. આમ પવિત્રતા એ રાજયોગી જીવનનો પાયો

ચિંતનિકા

ઑનેસ્ટ આત્મા કદી પણ કોઈપણ ખજાનાને વેસ્ટ (બરબાદ) કરશે નહીં. સમયનો ખજાનો, સંકલ્પનો ખજાનો, જ્ઞાનધનનો ખજાનો, સર્વશક્તિઓ, સર્વગુણોનો ખજાનો વેસ્ટ નહીં કરે. તે દરેક ખજાનાને કાર્યમાં લગાવીને વધારશે. કોઈ પણ ખજાનાને આળસને કારણે વેસ્ટ કરવો એ ઑનેસ્ટી નથી. ઑનેસ્ટનો અર્થ છે દરેક ખજાનાને વધારીને સ્વયંની પ્રગતિ કરનારા પ્રયોગી.

પ્રસન્નતાના પથ પર

બ્ર.કુ. શિવાનીબેન

હું જ મારા સંકલ્પનો રચયિતા

જ્યારે આપણે ખુશીની વાત કરીએ છીએ તો એવું લાગે છે કે ખુશી કદાચ હોઠ સુધી જ સીમિત છે. જ્યારે હું બાળકોની સાથે હોઉં છું ત્યારે કિલકિલાટ થાય છે. તે ત્યાં સુધી સીમિત છે. પણ તે હસવાનું છે, કિલકિલાટ છે પણ ખુશી નથી. ખુશી મારા અંદરની ચીજ છે. મારા અંદરની તે અનુભૂતિ છે જેને હું સ્વયં નિર્મિત કરું છું. અત્યાર સુધી આ વાત આપણી સમજમાં આવી નહોતી. એવું લાગતું હતું કે આ સૌ બાહ્ય રીતિથી થઈ રહ્યું છે. એના ઉપર મારી ખુશી નિર્ભર છે. અને આ નિર્ભરતા પણ ઘણી વધારે હતી.

પણ આ શ્રેણીમાં આપણે વાત કરી રહ્યા હતા કે ખુશીની એ વાત સમજાયી કે તે મારી વિશેષતા પણ છે, ને મારી રચના પણ છે. એમાં સૌથી સારી વાત એ છે કે એની રચના કરવા માટે મારે પોતાના સંકલ્પો ઉપર ધ્યાન આપવું પડે છે. મતલબ કે જે હું વિચારી રહ્યો છું તેને ઉત્પન્ન કરી રહ્યો છું.

પ્રશ્ન : જ્યારે મેં મારી જાતનું નિરીક્ષણ કર્યુંતો સમજમાં આવ્યું કે ખુશી મારી પોતાની રચના છે. એવી કઈ વાતો છે જે સંકલ્પોને ઉત્પન્ન કરે છે.

ઉત્તર : આપણે જેમ જોયું કે પરિસ્થિતિઓ આવે છે. લોકો સારો ખરાબ વ્યવહાર કરે છે તો ક્યાંકને ક્યાંક આપણું જીવન આપણા નિયંત્રણથી બહાર ચાલ્યું જાય છે. છેવટે વિચાર આવે છે કે છેવટે આ રીતનું જીવન ક્યાં સુધી ચાલશે. પછી આપણે ખુશીની વિરુદ્ધ અનુભૂતિ પછી તે ચિંતાની છે, ભયની છે, આપણે એનો સ્વીકાર કરવાનું શરૂ કરીએ છીએ. કારણ કે પરિસ્થિતિ પર વિચાર નિર્ભર કરે છે અને પરિસ્થિતિ સદા આપણને સાથ આપનારી નથી. હંમેશાં સંબંધોમાં દરેક ચીજ મારા અનુસાર ચાલે એમ બનવાનું નથી. લોકો મારી આશાઓને હમેશાં પૂરી કરતા રહે એવું બનવાનું નથી. હું જેવું વિચારું તે મુજબ તમે વ્યવહાર કરો એવું બનવાનું નથી. આપણી ખુશી આપના વ્યવહાર પર નિર્ભર છે આ આપણા માટે મોટું પ્રશ્ન ચિહ્ન છે. તો આપણે અનુભવ્યું કે પરિસ્થિતિ તો બહારથી આવે છે. સંકલ્પ આપણે જન્માવીએ છીએ. જો આપણે સ્વયંને

જોવાનું શરૂ કરીએ અને સ્વયંને બદલવાનું શરૂ કરીએ તો બની શકે કે એ પરિસ્થિતિમાં આપણે સ્વયં થોડો સારો અનુભવ કરી શકીએ છીએ.

પહેલી વાત તો આપણે એ સમજવાની છે કે ખુશી શું છે? શું આપણે ઉત્તેજનાની વાત કરી રહ્યા છીએ શું આપણે ઘણા વધારે ઉમંગ ઉત્સાહની વાત કરી રહ્યા છીએ? ના. ખુશીનો અર્થ એ નથી કે આપણે સદા ઉછળતા કૂદતા રહીએ. ક્યાંક કંઈ વાત બની ગઈ છે. ઘરમાં કોઈ અપ્રિય ઘટના બની ગઈ છે. કોઈ બીમાર છે. કોઈનું મૃત્યું થયું છે, આપ એ સમયે કહેશો કે હું ખુશ રહું. એ સમયે હું ખુશ રહી શકતી નથી. પરંતુ સ્થિરતો રહી શકું છું. આવી પરિસ્થિતિમાં દુઃખ દર્દ ઉત્પન્ન થવુ એ તો સ્વાભાવિક છે. પરંતુ જેટલા આપણે સ્થિર રહીશું એટલા આપણે એ પરિસ્થિતિને સારી રીતે પાર કરી શકીશું.

જે પ્રકારના વિચારો આપણે જન્માવીશું, તે રીતની અનુભૂતિ આપણામાં આકાર લેશે પછી તેવી જ આપણી વૃત્તિ બનશે. પછી આપણું વ્યક્તિત્વ પણ તેવું જ બની જશે. પછી તેવું જ આપણું ભાગ્ય બનશે.

પ્રશ્ન : આજે આપણને એ સમજાયું કે સંકલ્પ જ સર્વ કાંઈ કરે છે પણ સંકલ્પને હું કઈ રીતે બદલું? મને તો નકારાત્મક વિચારવાની ટેવ પડી ગઈ છે.

ઉત્તર : આપણા સંકલ્પ પર માહિતી, વીતી ગયેલો સમય, અનુભવ અને આપણાં વિશ્વાસ કરવા યોગ્ય રીતિ,

વિશ્વાસનો પ્રભાવ પડે છે. હું મારા અનુભવથી કહું છું કે આ ત્રણેમાંથી વિશ્વાસ ધારણા આપણા જીવનમાં ઘણી જ જબરદસ્ત ભૂમિકા નિભાવે છે. માહિતીમાં તો આપ થોડું ધ્યાન રાખી શકો છો કે આપણે અંદર શું લેવું છે અને શું નથી લેવું? વીતેલા અનુભવમાં પણ આપણે જોયું કે એના ઉપર કામ કરીએ તો તે સારો થઈ શકે છે. પરંતુ વિશ્વાસ કે જે બાળપણથી શરૂ કરીને જેમ જેમ ઉંમર વધે છે તે પણ આપણા મનમાં ઊંડાણ સુધી બેસી જાય છે.

પ્રશ્ન : આપણા વિશ્વસનીય ઉપાયો કઈ રીતે બને?

ઉત્તર : વિશ્વસ્ત રીતિ બનાવવા માટે વાતાવરણ પણ હોઈ શકે છે યા જે બાળપણથી મને જે શીખવાડ્યું છે તે પણ હોઈ શકે છે. જ્યારે હું નાની હતી ત્યારે મેં જોયું કે મારાથી કંઈક ભૂલ થતી તો મને ઠપકો આપવામાં આવતો. મેં જ્યારે પણ કંઈક કર્યું તે મારા માતાપિતાના અનુસાર સારું નહોતું, તો મને ઠપકો આપવામાં આવતો. હવે આ ઘટનાને જોઈને આપણો વિશ્વાસ બેઠો કે જ્યારે પણ કોઈ કંઈ એવું કરે, જે આપને યોગ્ય ના લાગે તો એને બદલવાનો ઉપાય છે. એને ઠપકો આપો. આ રીતે આપણે વિશ્વાસનો ઉપાય બનાવતા ગયા. હવે એનો અર્થ એ નથી કે આપણે બીજાઓ ઉપર દોષારોપણ કરવાનું શરૂ કરીએ કે આપણે જે પણ વિશ્વાસ બનાવ્યો એને માટે આપ જવાબદાર છો.

આપણે ફરીથી પોતાના જીવનમાં થોડું થોભીને જોવું પડશે કે વિશ્વસનીયતા કયું પરિણામ ઉત્પન્ન કરી રહી છે. આ તો જાણે એક કોમ્પ્યૂટર સમાન છે. એને ચલાવવાની જે શક્તિશાળી ચીજ હોય છે તે છે એને ચલાવવાની વિધિ. ચલાવવાની વિધિમાં પણ કોઈની પાસે વિંડોજ છે, તો કોઈની પાસે મેક છે. તો ઓપરેટીં ગ સિસ્ટમ ઉપર ઘણો મોટો આધાર છે. કારણ બધા પ્રોગ્રામ્સ એના આધારે ચાલશે. તો આપણો વિશ્વાસનો વ્યવહાર ઓપરેટીંગ સિસ્ટમના જેવો છે. એને સમય સમય પર સુધારવો પડે છે.

પ્રશ્ન : આપણો એ વિશ્વાસ છે કે દર્દની સાથે રહેવું સ્વાભાવિક છે.

ઉત્તર : શું તે સ્વાભાવિક છે? આજે તનાવ થવો તે તો સ્વાભાવિક છે. આપણે હંમેશાં ખુશ કઈ રીતે રહી શકીએ છીએ. આપણ એક વિશ્વાસનો (બિલીફ સિસ્ટમ) આધાર છે. એ સારું છે. કોઈ પણ આપણા વિશ્વાસને પડકારે નહીં ત્યાં સુધી આપણે સ્વયં પણ એને પડકારીએ નહીં. તો મારે સ્વયંને જોવું પડશે કે વિશ્વાસ (બિલીફ) એક માન્યતા છે.

પ્રશ્ન : વિશ્વાસ અનુભવ પણ બની શકે છે? તો મારો અનુભવ એ કહી રહ્યો છે અને મેં તેના પર વિશ્વાસ કરી લીધો. જે ચીજો હું બાળપણથી જોતી આવી, મને એના વિશે અનુભવ થતા ગયા. જ્યારે અનુભવ થયા ત્યારે તે અમારો ભરોસો (બિલીફ સિસ્ટમ) બની ગયો.

ઉત્તર : સમજો કે બાળપણમાં મેં શીખ્યું કે કોઈ ભૂલ કરે તો એને ઠપકો આપે મારાં માતાપિતા જ્યારે ગુસ્સો કરે છે ત્યારે હું ભણવા બેસું છું. જ્યારે ગુસ્સો નથી કરતાં, તો હું ભણતી નથી. હવે એનાથી મારો કયો ભરોસો (બિલીફ સિસ્ટમ) બન્યો? કોઈની પાસેથી કામ કરાવવું છે તો એને ઠપકો આપો તો તેઓ કામ કરી દે છે. હવે હું આ વિશ્વાસની વિધિ (બિલીફ સિસ્ટમ) સાથે મારા જીવનમાં કાર્ય કરવાનું શરૂ કરી દઉં છું. પછી તે મારી ઑફિસમાં કે ઘરમાં. હું એ ભરોસો પર કાર્ય કરું છું કે કોઈ પણ કાર્ય કરાવવું છે તો એને ઠપકો આપો, કામ થઈ જશે.

પરંતુ શું એનો પ્રભાવ મારા વ્યક્તિગત જીવન ઉપર પડે છે? શું એનો પ્રભાવ મારા સંબંધો ઉપર પડે છે? એક બાજુ તો આપણે કહીએ છીએ કે મારે ખુશી જોઈએ. બીજી બાજુ મેં ભરોસો (બિલીફ સિસ્ટમ) બનાવ્યો છે કે ગુસ્સાથી કામ થાય છે. અંદરથી કઈ ઉર્જા નિર્મિત થઈ રહી છે ગુસ્સાવાળી. તો જેવી ઉર્જા બહાર જઈ રહી છે તેવી જ ઉર્જા મારી પાસે આવી રહી છે. તો આટલો બધો ગુસ્સો જન્માવીને આખો દિવસ આપણે શું કહીએ છીએ. મારે ખુશી જોઈશે.

પ્રશ્ન : કામ તો થતું ગયું ને. હું જ્યારે કામ નહીં થાય, ત્યારે જ એનો ઉપયોગ કરીશ?

ઉત્તર : આપ કામ કરાવવા માટે એનો ઉપયોગ કરી રહ્યા છો ને? પણ આપણે પોતાના જીવનમાં થોભીને એ ચેક કરવું પડશે કે મારે જીવનમાં શું જોઈએ? સમજો કે મારા મનમાં ચલાવવાની વિધિ (ઓપરેટીંગ સિસ્ટમ) છે ગુસ્સાથી કામ થઈ ગયું પણ હું એ ઇચ્છું છું કે એક તરફી વાતો મારી સમજમાં આવતી નથી. મારે કંઈક વિશેષ પરિણામ જોઈએ. હવે પરિણામ તો ખુશીવાળું નથી આવી રહ્યું છે. વારંવાર ગુસ્સો કરવાથી ખુશી રહેતી નથી. જો ખુશીવાળું પરિણામ આવતું નથી તો મારે ક્યાંકને ક્યાંક ચલાવવાની વિધિ (ઓપરેટીંગ સિસ્ટમ)ને ચેક કરવી પડશે. કારણ કે હું નિર્દેશ કંઈ બીજું કરી રહી છું. અને પરિણામ કંઈ બીજું ઇચ્છું છું. હું ગુસ્સો અને ચિંતા કરીશ તો ખુશી ક્યાંથી મળશે? આપ ગુસ્સાથી પણ શા માટે કામ કરાવી રહ્યા છો. જોઈએ છીએ તો ખુશી. પણ આપણી બીજી બિલીફ સિસ્ટમ બનેલી છે કે જેટલું કામ થશે, તેટલી સફળતા મળશે. જેટલી સફળતા મળતી જશે એટલી ખુશી મળશે. આ આપણી બિલીફ સિસ્ટમ બનેલી છે.

પ્રશ્ન : આ તો મારી આખી જિંદગી માટે ભરોસો (બિલીફ સિસ્ટમ) બની જશે.

ઉત્તર : સર્વ કાંઈ તો ભરોસા ઉપર (બિલીફ સિસ્ટમ) પર છે. આ એક ચલાવવાની વિધિ (ઓપરેટીંગ સિસ્ટમ)ની જેમ છે. જે પ્રકારની ઓપરેટીંગ સિસ્ટમ હશે એ પ્રકારનો ભરોસો બનશે. આખા દિવસમાં આપણે કેટલી બધી માન્યતાઓની સાથે કામ કરી રહ્યા છીએ તેની ખબર જ પડતી નથી.

પ્રશ્ન : તેથી તો આપણે સમગ્ર દિમાગ (વિંડોઝ) ખોલવું પડે છે. અને આ ઘણી લાંબી પ્રક્રિયા છે.

ઉત્તર : અહીં આપણે એ જોવાનું છે કે એક છે આપણી માન્યતા અને એક છે સત્યતા. ગુસ્સો કરવો એ સ્વાભાવિક છે. આ એક વિશ્વાસ છે યા આ સત્યતા છે. એના માટે આપણે આપણી સાથે પ્રયોગ કરવો પડશે. જો આપણે એક પણ ખોટી માન્યતાઓની સાથે જીવનમાં ચાલીએ તો એનો સૌથી મુશ્કેલ ભાગ કયો હશે? વિશ્વાસ (બિલીફ)થી સંકલ્પ પેદા થશે. સંકલ્પથી આપણું ભાગ્ય બની રહ્યું છે. જો મારી એક પણ વિશ્વાસની વિધિ થોડી ઉપર નીચે છે તો એનો સીધો પ્રભાવ કોના ઉપર પડશે? મારા ભાગ્ય પર પડશે. એટલા માટે થોડો સમય થોભો અને પોતાની બિલીફ સિસ્ટમને ચેક કરો. આખા દિવસમાં આપ જે ઉર્જા બહાર મોકલો છો આપની સાથે જે બની રહ્યું છે ક્યાંક આપને અંદર તકલીફનો અનુભવ થઈ રહ્યો છે તો થોડો સમય થોભીને તપાસો કે એમાં આપણો કયો વિશ્વાસ કામ કરી રહ્યો છે? આપને પોતાનો ભરોસો (બિલીફ સિસ્ટમ) એ સમયે જણાશે. તરત જ આપે તે સમીકરણ બનાવીને પોતાના જીવનમાં રાખવાનું છે. વિશ્વાસ સંકલ્પ સમાન છે. સંકલ્પ નિર્ણય સમાન છે. જેવો આપની અંદર કોઈ સંકલ્પ પેદા થયો, સમજો કે અત્યારે આપણે બંને બેઠા છીએ અને સામેથી ચાર લોકો આવી રહ્યા છે. તે ચાર લોકો મારી સાથે વાત ન કરતાં આપની સાથે વાત કરે છે. એ સમયે મને સારું લાગતું નથી. મને જો અનુભૂતિની કક્ષાએ દેખાય છે તો હું પાછળ જાઉં છું મને સારું નથી લાગતું તો એ સમયે કેવો વિચાર પેદા થશે? એની પાછળ આપણો કયો ભરોસો કાર્ય કરી રહ્યો છે?

એ સમયે આપણો એ વિચાર જન્મે છે કે તેઓ આપણાથી વધારે સારા છે. લોકો એમને વધારે ચાહે છે અને આ સંકલ્પથી આપણને અપમાનની અનુભૂતિ થાય છે. હવે એની પાછળ આપણી કઈ બિલીફ સિસ્ટમ કાર્ય કરી રહી છે? એની પાછળ આપણી એ બિલીફ સિસ્ટમ કામ કરે છે કે જેઓ સારા લોકો હોય છે એમની પ્રશંસા થાય છે અને એનો આધાર આપણે લોકોની પ્રશંસા બનાવી દીધો. એ ભરોસાએ તરત જ શું કર્યું? જેવા મેં એ ચાર લોકોને આપનું સન્માન કરતા જોયા તરત જ આપણા મનમાં એ સંકલ્પ આવ્યો કે હું સારી વ્યક્તિ

નથી તેઓ આપણાથી વધારે સારા છે. પછી એના પછી કઈ અનુભૂતિ જન્મશે?

પ્રશ્ન : ઈર્ષ્યાની અનુભૂતિ જન્મશે.

ઉત્તર : ઈર્ષ્યાની ભાવના કયા આધારે શરૂ થઈ? જો આપણે બિલીફ સિસ્ટમના લેબલ પર ચેક કરીએ કે એમાં આપણી કઈ બિલીફ સિસ્ટમે કામ કર્યું? અહીં એ ભરોસા (બિલીફ સિસ્ટમ) એ કામ કર્યું કે જેટલા લોકો સન્માન કરે છે. તેઓ એટલા વધારે સારા છે. આ બિલીફ સિસ્ટમને કારણે હું જીવનમાં ઘણી મુશ્કેલીઓનો અનુભવ કરીશ અને એને કારણે ઈર્ષ્યાનો અનુભવ કરીશ. પછી હું પોતાને સારા સાબિત કરવા માટે લોકો સામે આપની ટીકા કરીશ કારણ કે મારે મારા માટે સારી અનુભૂતિ કરવી છે. હવે એનાથી જોખમ એ રહેશે કે હું મારી જાતને સારી સાબિત કરવા માટે આપની બુરાઈઓ જોવાનું શરૂ કરીશ. એમાં શું છે? શું તે સારું લાગે છે? વાસ્તવમાં તેઓ કેવા છે એની એમને ખબર નથી કારણ કે મેં કેવી ઉર્જા જન્માવવાનું શરૂ કર્યું? નકારાત્મકતાની. ઈર્ષ્યાની પછી એવું બની શકે કે જ્યારે પણ મને તક મળે તો હું આપની બુરાઈ શોધવાનું શરૂ કરી દઉં.

હવે જો એ દ્રશ્યમાં હું મારો ભરોસો (બિલીફ સિસ્ટમ)ને બદલી દઉં કે 'હું કોણ છું?' હું જાણું છું કે હું કોણ છું. હં સંપૂર્ણ નથી. હું જાણું છું કે મારે ઘણાં બધાં સારાં કામ કરવાનાં છે. મારામાં મારી નબળાઈઓ છે શક્તિઓ છે જેના ઉપર મારે કામ કરવાનું છે. પણ હું શું કરું છું. બીજાઓ ઉપર જ કામ કરવાનું શરૂ કરી દઉં છું. લોકો મારા વિશે શું વિચારે છે યા કયા આધાર પર લોકો મારી પાસે આવે છે. એ વાત જ નથી. આ જીવનની યાત્રા મારી પોતાની છે. આપણો કોઈની સાથે પણ તુલના કરવાનો જે આદર્શ છે તે છોડવો પડશે. કારણ કે હું જે છું, જેવી છું, મારાથી વિશેષ કોઈ જાણતું નથી.

એ તો સ્વાભાવિક છે કે જો આપ સારી ઉર્જા નિર્મિત કરો છો તો લોકો આપની પાસે આવે છે. પણ એ માપદંડ નથી કે લોકોએ આપની પાસે આવવું જ પડશે, સારી રીતે વાતચીત કરવી પડશે એની પાછળ ઘણા બધા ઉપાય કામ કરે છે. આજના સમયમાં હું તે જોઈ શકું છું. એ પણ સંભવ છે કે હું આપને પસંદ ના કરું. છતાં પણ હું આપની પાસે આવું અને આપની સાથે સારી રીતે વાત કરું. જો આપ એ આધાર પર સ્વયંનું મૂલ્યાંકન કરશો તો તે ઘણું જોખમી હશે. મારે સ્વયંનું મૂલ્યાંકન કરવું જોઈએ. એના માટે આપણે આપણા ભરોસાને (બિલીફ સિસ્ટમ) બદલવો પડશે કે હું કોણ છું, શું છું. આ માત્ર મને ખબર છે. મારે મારી નબળાઈઓ ઉપર કામ કરવાનું છે. લોકો શું કહી રહ્યા છે તે મહત્ત્વપૂર્ણ વાત નથી. કારણ કે લોકો પોતપોતાના દ્રષ્ટિકોણથી બોલી રહ્યા છે. હા, લોકો જે કહે છે હું તેમ કરી શકું છું. પરંતુ હું એને સફળતા (ફીડબેક)ની જેમ જ લઈશ અને સ્વયંની સાથે કામ કરીશ. એક એક માન્યતા (બિલીફ સિસ્ટમ) મારા વિચાર પર અને મારા ભાગ્ય પર કામ કરે છે અને પછી આપણે કહીએ છીએ ના ના એમાં મારુ શું છે? આ તો એને કારણે થયું.

(પેજ ૧૮ નું અનુસંધાન)

થઈ જાય છે. બ્રહ્માકુમારી સંસ્થા દ્વારા વ્યસનમુક્તિની જાગૃતિ લાવવા માટે પ્રદર્શનો, શિબિરો, મેળાઓ, સેમિનારો, કોન્ફરન્સનું આયોજન કરવામાં આવે છે, જેથી લોકોને વ્યસન છોડવા માટે પ્રોત્સાહન મળે છે. બ્રહ્માકુમારીના ઘણાં બધા સેવાકેન્દ્રો ઉપર વ્યસનીને કાઉન્સેલીંગ વિના મૂલ્યે આપવાની સુવિધા છે તથા મફત દવાઓ પણ આપવામાં આવે છે.

|| ઓમ શાંતિ ||

પ્રસંગ પરિમલ

ઘમંડી ધનિકનો અહંકાર નષ્ટ

બંગાળના વિખ્યાત કવિ અને નાટકકાર ગિરીશચંદ્ર ઘોષને અપાર લોકપ્રિયતા મળેલી હતી. આમ છતાં એમનામાં જરા પણ અહંકાર નહોતો. પોતાના નૈસર્ગિક આચરણથી તેઓ સાદગીપૂર્ણ જીવન જીવતા હતા. ઘોષ બાબુના એક અમીર મિત્ર હતા. તેઓ હમેશાં પોતાની સમૃદ્ધિના ઘમંડમાં રહેતા હતા. ઘોષ બાબુને આ વાત બિલકુલ પસંદ નહોતી. પણ મિત્રને સમજાવવાની તક મળી.

પોતાને ત્યાં આયોજિત ભોજન સમારંભમાં એમણે પોતાના મિત્રને આમંત્રણ આપ્યું. તેઓ જ્યાં પણ જતા તો પોતાની સાથે એમનો નોકર ચાંદીનાં વાસણ લઈને આવતો. તેઓ આ વાસણોમાં ભોજન કરતા. ઘોષબાબુના ત્યાં પણ એમણે આવું કર્યું. ઘોષ બાબુએ આ જોઈને એમને સૌની સાથે બેસાડ્યા નહીં પણ અલગ બેસાડીને પતરાળામાં ભોજન પીરસાવ્યું. મિત્રની આ બાબત તેમને ઘણી ખૂંચી. પણ મિત્રતાને કારણે કંઈ કહી શક્યા નહીં. એમણે નારાજ મનથી ભોજન કર્યું. તેઓ જવા લાગ્યા તો ઘોષ બાબુનો રસોઈયો ચાંદીના વાસણોમાં મિઠાઈઓ ભરીને લઈને આવ્યો. ઘોષ બાબુએ પોતાના અમીર મિત્રને કહ્યું, 'આપના સત્કારમાં કંઈ ખામી રહી ગઈ હોય, તો માફ કરજો.' આપનો નોકર ચાંદીનાં વાસણ તો લાવ્યો હતો. મારા ઘરના લોકોએ વિચાર્યું કે બાળકો માટે ભોજન લઈ જવા માટે તે લાવ્યા હશે. એટલે એમણે આપના ચાંદીના વાસણોમાં બાળકો માટે મિઠાઈઓ મૂકી છે. મહેરબાની કરીને અમારા તરફથી તે બાળકોને આપજો. અને આપની સાથે તો અમારી આત્મીયતા છે જ. ઘોષબાબુની વાતોથી એમનો ધનિક મિત્ર લજ્જા પામ્યો. ત્યાર પછી તેઓ ક્યાંય પોતાની સાથે ચાદીનાં વાસણો લઈને ગયા નહીં. અહંકારવગરની સમૃદ્ધિ યશ અપાવે છે. જો અહંકાર આવે, તો તે અપયશનું કારણ બને છે.

કર્મની મહાનતા

એકવાર બુદ્ધ એક ગામમાં પોતાના ખેડૂત ભક્તને ત્યાં ગયા. સાંજે ખેડૂતે બુદ્ધના પ્રવચનનું આયોજન કર્યું હતું. બુદ્ધના પ્રવચનનું આયોજન કર્યું હતું તે ખેડૂત ભક્ત ક્યાંય દેખાતો નહોતો. ગામના લોકોમાં અંદર અંદર વાત થવા લાગી કે આ કેવો ભક્ત છે. પોતે પ્રવચનનું આયોજન કર્યું છે. પણ તે જ દેખાતો નથી. પ્રવચન પૂરું થયા પછી સૌ લોકો પોતાના ઘેર ગયાં. રાતે ખેડૂત આવ્યો. બુદ્ધે પૂછ્યું કે ક્યાં ગયા હતા? ગામના બધા લોકો પૂછતા હતા.ખેડૂતે કહ્યું, પ્રવચનની બધી વ્યવસ્થા તો થઈ ગઈ હતી. પણ અચાનક મારો બળદ બીમાર થઈ ગયો. પહેલાં તો મેં ઘરગથ્થું ઉપચાર કરીને એને સાજો કરવાની કોશિશ કરી પણ એની તબિયત વધુ બગડવા લાગી, તો મારે એને લઈને પશુ ડૉક્ટર પાસે જવું પડ્યું. જો ના જતો, તો બળદ બચી ના શકતો. આપનું પ્રવચન તો હું પાછળથી પણ સાંભળી લેત. બીજા દિવસે સવારે જ્યારે ગામલોકો ફરીથી બુદ્ધની પાસે આવ્યા, તો બુદ્ધની સમક્ષ એ ખેડૂતની ફરિયાદ કરતાં કહ્યું કે આ તો આપનો ભક્ત હોવાનો દેખાવ કરે છે પણ પ્રવચનનું આયોજન કરીને પોતે જ અદ્રશ્ય થઈ ગયો.

બુદ્ધે એમને સમગ્ર ઘટના સંભળાવી અને પછી સમજાવ્યું. એણે પ્રવચન સાંભળવાને બદલે કર્મને મહત્ત્વ આપીને સિદ્ધ કરી દીધું કે મારા ઉપદેશને એ સારી રીતે સમજ્યો છે. એને હવે મારા પ્રવચનની કોઈ જરૂર નથી. હું એ જ સમજાવું છું કે પોતાના વિવેક અને બુદ્ધિથી વિચારો કે કયું કામ પહેલાં કરવું જરૂરી છે. જો ખેડૂત બીમાર બળદને મૂકીને મારા પ્રવચનને મહત્ત્વ આપતો, તો દવા વગર બળદના પ્રાણ ચાલ્યા જાત. એના પછી તો મારું પ્રવચન કરવું વ્યર્થ હતું. મારા પ્રવચનનો સાર એ છે કે સર્વ કાંઈનો ત્યાગ કરીને પ્રાણી માત્રનું રક્ષણ કરો. આ ઘટનાના માધ્યમથી ગામડાવાળાઓએ એમના પ્રવચનનો ભાવ સમજી લીધો.

બીરબલે ઘરેણા ચોરને પકડ્યો

અકબરને ઘરેણાંનો ઘણો શોખ હતો. બાદશાહના મહેલમાં આઠ નોકર હતા જેઓ અકબરના વસ્ત્રો અને આભૂષણોનું ધ્યાન રાખતા હતા. તેઓ જ અકબરને દરબારમાં લઈ જવા માટે તૈયાર કરતા હતા. તે સિવાય બીજા કોઈને અકબરના ઓરડામાં પ્રવેશ કરવાની મનાઈ હતી. એક દિવસ અકબરને પોતાની પ્રિય વીંટી પહેરવી હતી. પણ વીંટી ત્યાં નહોતી. અકબર ક્રોધિત થઈ ગયો અને વીંટી શોધી કાઢવાનો આદેશ આપ્યો. ઘણા પ્રયત્નો પછી પણ જ્યારે વીંટી મળી નહીં ત્યારે અકબરે અંતમાં બીરબલને બોલાવ્યો અને કહ્યું - મને તે વીંટી ઘણી પ્રિય હતી. મારે તે વીંટી જોઈએ. બીરબલે કહ્યું, જહાંપનાહ તમે ચિંતા મુક્ત બની જાઓ. આપ જલદીથી પોતાની તે વીંટી પહેરી શકશો.

બીરબલે તે સર્વ આઠ નોકરોને બોલાવ્યા જે અકબરના આ ઓરડાની જવાબદારી સંભાળતા હતા. બીરબલે બધા નોકરોને એક સમાન એક એક લાકડી આપી અને કહ્યું કે, જેણે આ વીંટી ચોરી છે એની લાકડી એક જ રાતમાં એક ઈંચ લાંબી થઈ જશે. બીજા દિવસે સવારે આઠે નોકરોમાંથી એક નોકરને લઈને બીરબલ બાદશાહ પાસે ગયો.

તે નોકર બાદશાહના પગમાં પડ્યો. અને એણે પોતાની ભૂલ કબૂલ કરી કે તેણે વીંટી ચોરી છે. બાદશાહ આશ્ચર્યચકિત થઈ ગયા. બાદશાહે બીરબલને પૂછ્યું કે એણે કઈ રીતે ચોરને પકડ્યો? બીરબલે બધી વાત બાદશાહને સંભળાવી અને અંતમાં કહ્યું કે, ગુનેગારે પકડાઈ જવાના ડરથી પોતાની લાકડી એક ઈંચ કાપી દીધી હતી. બસ એનાથી આ ભૂલ થઈ ગઈ. બાદશાહે દરબારમાં બીરબલની પ્રશંસા કરી અને ચોરને ઉચિત સજા કરી.

જ્ઞાનની શોભા સાદગી

કલકત્તા વિશ્વ વિદ્યાલયની પ્રેસીડેન્ટ કૉલેજમાં પ્રથમ દિવસે જ્યારે ડૉ. રાજેન્દ્રપ્રસાદ પોતાના વર્ગમાં વિદ્યાર્થી તરીકે પહોંચ્યા, તો ત્યાંનુ દ્રશ્ય જોઈને ચકિત થઈ ગયા. ત્યાંના મોટા ભાગના વિદ્યાર્થીઓ કોટ અને પેન્ટની અંગ્રેજી વેશભૂષામાં આવ્યા હતા. કેટલાક મુસ્લિમ છોકરાઓ પણ હતા પાયજામો પહેરીને, માથે ટોપી પહેરીને આવ્યા હતા. આ મદરેસાના વિદ્યાર્થી હતા. અને એફ. એ. કરવા માટે પ્રેસીડન્ટ કૉલેજમાં ભણતા હતા. આ વિદ્યાર્થીઓનું હાજરી પત્રક અલગ રાખવામાં આવતું હતું. અંગ્રેજી વેશભૂષા પહેરેલા વિદ્યાર્થીઓ આ મુસ્લિમ છાત્રોને અવમાનની દ્રષ્ટિથી જોતા હતા અને એમની મજાક પણ કરતા હતા. ડૉ. રાજેન્દ્રપ્રસાદની વેશભૂષા લગભગ મુસ્લિમ છાત્રો જેવી જ હતી. અધ્યાપકે હાજરી માટે એક એકનું નામ લીધું પણ ડૉ. રાજેન્દ્રપ્રસાદનું નામ બોલ્યા નહીં. ડૉ. રાજેન્દ્રપ્રસાદ પોતાના સ્થાન પરથી ઊભા થયા. છોકરાઓ એમની ગ્રામીણ વેશભૂષા જોઈને હસવા લાગ્યા. ડૉ. રાજેન્દ્રપ્રસાદ બોલ્યા, સર! આપ મારું નામ બોલ્યા નથી. મને મારા રોલ નંબરની ખબર નથી. અધ્યાપકે એમના ઉપર એક દ્રષ્ટિ ફેંકી અને રજિસ્ટર બંધ કરતાં બોલ્યા, થોભો, મેં હજી મદરેસાના છાત્રોની હાજરી પૂરી નથી. સર! હું મદરેસાનો છાત્ર નથી. હું બિહારથી આવ્યો છું. મારું નામ હમણાં લખાયું હશે. અધ્યાપકે એમનું નામ પૂછ્યું. જેવું એમણે કહ્યું કે રાજેન્દ્રપ્રસાદ. અધ્યાપક બોલ્યા કે અરે! તો તમે છો રાજેન્દ્રપ્રસાદ. જેણે કલકત્તા વિશ્વ વિદ્યાલયની પ્રવેશ પરીક્ષા ટોપમાં પાસ કરી છે. સંકોચમાં રાજેન્દ્રપ્રસાદ કંઈ બોલ્યા નહીં પણ માથું ઝુકાવી દીધું. પણ મજાક કરનારા વિદ્યાર્થીઓની દ્રષ્ટિ તો શરમથી ઝૂકી ગઈ. એમના મનમાં રાજેન્દ્રબાબુની યોગ્યતા પ્રત્યે સન્માનનો ભાવ જાગ્યો. વેશભૂષાથી કોઈની યોગ્યતાને માપી શકાતી નથી. જ્ઞાન સાદગીમાં જ શોભે છે.

વિશ્વાસ

એક અમીર માનવ હતો. એણે સમુદ્રમાં એકલા ઘૂમવા માટે એક નાવ બનાવડાવી. રજાના દિવસે તે નાવ લઈને સમુદ્રમાં સફર કરવા નીકળતો. સમુદ્રની વચ્ચે પહોંચ્યો જ હતો કે અચાનક જોરદાર તોફાન આવ્યું એની

નાવ પૂરી રીતે નષ્ટ થઈ ગઈ પરંતુ લાઈફ જેકેટની મદદ વડે તે સમુદ્રમાં કૂદી પડ્યો. તરતો તે એક ટાપુ ઉપર પહોંચ્યો. પરંતુ ત્યાં પણ કોઈ હતું નહીં. ટાપુની ચારેબાજુ સમુદ્ર સિવાય કંઈ જ દેખાતું નહોતું. અ માનવે વિચાર્યું કે જ્યારે મેં આખી જિંદગીમાં કોઈનું કંઈ પણ ખરાબ નથી કર્યું, તો મારી સાથે આવું કેમ થયું? એ માનવે વિચાર્યું કે ભગવાને મોતથી બચાવ્યો છે, તો આગળનો રસ્તો ભગવાન જ બતાવશે. ધીરે ધીરે તે ત્યાં ઉગેલાં ઝાડ, પાંદડાં ખાઈને દિવસ વીતાવવા લાગ્યો. હવે ધીરે ધીરે એની શ્રદ્ધા તૂટવા લાગી. ભગવાન પરથી એનો વિશ્વાસ ઉઠી ગયો. એને લાગ્યું કે દુનિયામાં ભગવાન છે જ નહીં. પછી એણે વિચાર્યું કે પૂરી જિંદગી આ ટાપુ ઉપર જ વીતાવવાની છે તો એક ઝૂંપડી બનાવી દઉં. પછી એણે વૃક્ષની ડાળીઓ અને પાંદડામાંથી એક નાની ઝૂંપડી બનાવી. એણે મનમાં વિચાર્યું કે આજથી બહારને બદલે ઝૂંપડીમાં સૂઈ જવાનું મળશે. રાત પડવાની જ હતી એવામાં અચાનક વાતાવરણ બદલાયું. વીજળીનો અવાજ થવા લાગ્યો અને અચાનક વીજળી ઝૂંપડી ઉપર પડી. ઝૂંપડી સળગવા લાગી. આ જોઈને તે માનવ હતાશ થઈ ગયો અને આકાશ તરફ જોઈને બોલ્યો, તું ભગવાન નથી. તારામાં દયા જેવું કંઈ નથી. તું ઘણો ક્રૂર છે. તે માનવ હતાશ થઈને માથા ઉપર હાથ મૂકીને રડી રહ્યો હતો એવામાં અચાનક એક નાવ ટાપુ ઉપર આવી. નાવમાંથી ઉતરીને બે માનવો બહાર આવ્યા અને બોલ્યા કે અમે તમને બચાવવા માટે આવ્યા છીએ. દૂરથી જ વેરાન ટાપુ ઉપર સળગતી ચીજ જોઈને અમને લાગ્યું કે કોઈ ટાપુ ઉપર મુસીબતમાં છે. અને મદદ માગી રહ્યો છે. જો તમે ઝૂંપડી ના સળગાવતા તો અમને ખબર ના પડત કે આ ટાપુ ઉપર કોઈ છે. એ માનવની આંખમાંથી આંસુ નીકળવા લાગ્યાં. એણે ભગવાનની માફી માગી. અને બોલ્યા કે મને શી ખબર કે આપે મને બચાવવા માટે મારી ઝૂંપડી સળગાવી હતી.

અકલ્યાણમાં પણ કલ્યાણ

એક ગામમાં બુદ્ધ ઉપદેશ આપી રહ્યા હતા. એમણે કહ્યું કે દરેકે ધરતી માતાની જેમ સહનશીલ તથા ક્ષમાશીલ હોવું જોઈએ. ક્રોધ એવી આગ છે જેમાં ક્રોધ કરનાર બીજાઓને પણ સળગાવશે તથા સ્વયં પણ ક્રોધ રૂપી અગ્નિમાં સળગી જશે. સભામાં સૌ શાંતિથી બુદ્ધની વાણી સાંભળી રહ્યા હતા. પરંતુ ત્યાં સ્વભાવથી અતિક્રોધી એક એવો માણસ બેઠો હતો જેને આ બધી વાતો બકવાસ લાગતી હતી. તે થોડા સમય સુધી સાંભળી રહ્યો પછી ગુસ્સે થઈને બુદ્ધની સામે બોલ્યો, 'તમે પાખંડી છો. મોટી મોટી વાતો કરવી એ જ તમારું કામ છે. તમે લોકોને ભ્રમિત કરી રહ્યા છો. તમારી વાતો આજના સમયમાં કોઈ મહત્ત્વ ધરાવતી નથી.' આવાં કેટલાંયે કટુવચનો સાંભળીને બુદ્ધ શાંત રહ્યા. એમની વાતોથી તેઓ દુઃખી પણ ના થયા કે તેનો કોઈ પ્રતિભાવ આપ્યો નહીં. આ જોતાં તે માણસ વધુ ગુસ્સે થઈ ગયો અને બુદ્ધના મોં ઉપર થૂંકીને ત્યાંથી ચાલ્યો ગયો.

બીજા દિવસે તે વ્યક્તિનો ક્રોધ શાંત થયો તો પોતાના ખરાબ વ્યવહાર બદલ તે પસ્તાવા લાગ્યો. પશ્ચાતાપની આગમાં સળગતો તે બુદ્ધને શોધતો તે સ્થળે આવી પહોંચ્યો. પણ બુદ્ધ તો પોતાના શિષ્યો સાથે બીજા ગામ જવા નીકળી ગયા હતા, તો ત્યાં ક્યાંથી મળે? એ માણસ બુદ્ધને શોધતો શોધતો એ ગામે ગયો જ્યાં બુદ્ધ પ્રવચન આપી રહ્યા હતા. બુદ્ધને જોતાં જ તે તેમના ચરણોમાં પડ્યો અને બોલ્યો, 'પ્રભુ! મને માફ કરો. બુદ્ધે કહ્યું, 'ભાઈ, તમે કોણ છો? શા માટે માફી માંગી રહ્યા છો?' એણે કહ્યું હું એ માણસ છું જેણે ગઈકાલે તમારી સાથે ખરાબ વ્યવહાર કર્યો હતો. હું શરમ અનુભવું છું. હું મારા દુષ્ટ આચરણની ક્ષમા માંગવા આવ્યો છું. બુદ્ધે પ્રેમપૂર્વક કહ્યું, ગઈકાલ તો હું ત્યાં મૂકીને આવ્યો છે. અને તમે હજુ ત્યાં થોભેલા છો. તમને પોતાની ભૂલની કબૂલાત થઈ, તમે પશ્ચાતાપ કર્યો, તમે નિર્મળ થઈ ચૂક્યા છો. હવે તમે આજમાં પ્રવેશ કરો. ખરાબ વાતો અને ખરાબ ઘટનાઓ યાદ કરતા રહેવાથી વર્તમાન અને ભવિષ્ય બંને બગડેછે. વીતેલી કાલને કારણે આજને બગાડશો નહીં. એ

વ્યક્તિના મનનો બધો બોજ ઊતરી ગયો. એણે બુદ્ધના ચરણોમાં પડીને ક્રોધત્યાગનો તથા ક્ષમાશીલતાનો સંકલ્પ કર્યો. બુદ્ધે એના મસ્તક પર આશીર્વાદનો હાથ મૂક્યો. એ દિવસથી એનામાં પરિવર્તન આવી ગયું અને એના જીવનમાં સત્ય, પ્રેમ તથા કરુણાની ધારા વહેવા લાગી.

સાધુની સાધુતા

જૂના સમયની વાત છે. સંત રામદાસ ચાફલથી સતારા જઈ રહ્યા હતા. સાથે દત્તુબુવા પણ હતા. રસ્તામાં જતી વખતે દહેગાંવ આવતાં દત્તુબુવા બોલ્યા. મહારાજ, કંઈક ખાવાની વ્યવસ્થા કરવા જઈ રહ્યો છું. રસ્તામાં એમણે વિચાર્યું કે પાછા ફરતાં મોડું થઈ શકે છે. એ માટે નજીકના ખેતરમાંથી જુવારનાં ચાર ડૂંડાં તોડી લાવ્યા. જ્યારે એમણે ડૂંડાને શેકવાનું શરૂ કર્યું તો ધૂમાડો જોતાં ખેતરનો માલિક ત્યાં આવી પહોંચ્યો. એને ગુસ્સો આવ્યો અને એના હાથના ડંડાથી રામદાસ સ્વામીને મારવાનું શરૂ કર્યું. દત્તુબુવાને મનમાં વિચાર આવ્યો કે ખેડૂતનો સામનો કરું. પરંતુ રામદાસજીએ તેમ કરવાની ના પાડી. થોડા સમયપછી એમને ગાળો દેતાં ખેડૂત પાછો ફર્યો. બીજા દિવસે તેઓ સતારા પહોંચ્યા. સમર્થ રામદાસજીના બરડામાં ડંડાનાં નિશાન જોઈને લોકો અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. છત્રપતિ શિવાજીએ જ્યારેઆ સંબંધમાં સ્વામીજીને પૂછ્યું, તો એમણે ખેડૂતને બોલાવવાનું કહ્યું. ખેડૂત ત્યાં ઉપસ્થિત થયો. જ્યારે એને ખબર પડી કે જેમને કાલે ડંડાથી માર્યા હતા તે તો રાજા શિવાજીના ગુરુ છે. તો તે ખેડૂત ઘણો ડરી ગયો. તે વિચારવા લાગ્યો કે કોણ જાણે પોતાને કેવો દંડ મળશે. ત્યારે ખેડૂત સ્વામીજીના ચરણોમાં પડ્યો અને માફી માગી. રામદાસે રાજાને કહ્યું - આણે કોઈ ખોટું કામ કર્યું નથી. અમારી માનસિક શાંતિની પરીક્ષા ખેડૂત સિવાય કોઈ કરી શક્યું નથી. એ માટે એનું કીમતી વસ્ત્રો આપીને સન્માન કરવું જોઈએ. આજ એનો દંડ છે. સાધુ અને સામાન્ય માનવીમાં શો ફરક છે, તે સમજવામાં શિવાજીને વાર ના લાગી. એટલા માટે કહેવાયું છે કે સાધુ જો પોતાની સાધુતા છોડી દે તો તે સાધુ રહેતો નથી. પોતાના ગુરુજી પર શિવાજીને ગર્વ થયો.

પ્રેમ દિલોને નજીક લાવે છે

એક સંત પોતાના શિષ્યો સાથે કાશીમાં ગંગાઘાટ પર સ્નાન કરવા ગયા. ત્યાં કેટલાક લોકો એક બીજા સાથે મોટેથી બોલી રહ્યા હતા. સંત હસવા લાગ્યા. એમણે શિષ્યોને પૂછ્યું કે એક બીજા ઉપર ગુસ્સો કરનાર લોકો ઊંચા સ્વરમાં કેમ બોલે છે? એક શિષ્યે કહ્યું કે કારણ કે આપણે શાંતિ ગુમાવી દીધી છે એટલે ઊંચા સ્વરમાં બોલીએ છીએ. સંતે પૂછ્યું, એકબીજાની નજીક હોવા છતાં ઊંચા સ્વરમાં બોલવાની શી જરૂર છે? આપ જે કહેવા ઇચ્છો તો કોમળતાથી કહી શકો છો. કોઈ શિષ્યની પાસે આનો જવાબ નહોતો. ત્યારે સંતે સમજાવ્યું, જ્યારે બે લોકો એકબીજાથી નારાજ થાય ત્યારે એમના દિલો વચ્ચે અંતર વધી જાય છે. હવે આ અંતર દૂર કરવા માટે એમને ઊંચા સ્વરે બોલવું પડે છે. જેથી પોતાની વાત એકબીજા સુધી પહોંચાડી શકે. જેટલા વધારે ગુસ્સે થશે તેટલું અંતર વધશે. અને એટલા ઊચા સ્વરમાં બોલવું પડશે. વાત આટલી જ છે. પછી એમણે હસીને કહ્યું, જ્યારે લોકો એકબીજાના પ્રેમમાં હોય છેતો શું થાય છે? તેઓ ઘણા ધીમે ધીમે, કોમળતાની સાથે આપસમાં વાતો કરે છે. એનું કારણ એ છે કે એમનાં દિલ એકબીજાની ઘણી નજીક હોય છે. એવામાં બંને વચ્ચેનું અંતર ઘટી જાય છે. આટલું નાનું અંતર પાર કરવા માટે બહુ ઊંચા અવાજની જરૂર નથી. પછી એમણે નિષ્કર્ષ કાઢતાં કહ્યું કે, જ્યારે બે લોકો વચ્ચે સ્નેહ વધે છે, પ્રેમ વધે છે તો એમની વચ્ચે સંબંધ વધારે મજબૂત થાય છે. તો એમનાં દિલ એટલા નજીક આવી જાય છે કે તેઓ એકબીજાની કાનની નજીકથી વાત કરે છે. અંતમાં પ્રેમ એટલું ઊંડાણ મેળવી લે છે કે એકબીજા ઉપર નાંખેલી નજર વાત પહોંચાડવા માટે પૂરતી હોય છે. વાત માત્ર સ્ત્રી-પુરુષના પ્રેમની નથી, પ્રેમના દરેક રૂપમાં જ દિલો વચ્ચેનું અંતર દૂર કરે છે.

ગાંધીજી આજન્મ સત્યવ્રતી બન્યા

મહાત્મા ગાંધીએ જ્યારે બાળપણમાં સત્યવાદી હરિશ્ચંદ્ર અને શ્રવણકુમાર નામનાં બે નાટકો જોયાં તો એના સંદેશથી ઘણા પ્રભાવિત થયા. સત્યવાદી હરિશ્ચંદ્ર નાટક જોઈને ગાંધીજીએ આજીવન સત્ય બોલવાની અને શ્રવણકુમાર નાટક જોઈને માતૃભક્તિનું વ્રત લીધું. એકવાર એમની શાળામાં બાળકો માટે ખેલકૂદનો તાસ ફરજિયાત બનાવી દીધો. ખેલકૂદ માટે શાળામાં વહેલા જવું પડતું હતું. જો કે ગાંધીજીની રુચિ ખેલકૂદમાં નહોતી. છતાં પણ તેઓ દરરોજ આ નિયમનું પાલન કરતા હતા.

એક દિવસ તેઓ પોતાના પિતાના ખરાબ સ્વાસ્થ્યને લીધે એમની સેવામાં જોડાયેલા હતા. આકાશમાં વાદળો છવાયેલાં હતાં. એટલે સમયની ખબર ના પડી. જ્યારે શાળામાં પહોંચ્યા તો ખેલકૂદનો તાસ પૂરો થઈ ગયો હતો. અને બધાં બાળકો મેદાનમાંથી જઈ ચૂક્યા હતાં. બીજા દિવસે મુખ્ય શિક્ષકે ખેલકૂદના તાસમાં ન આવવાનું કારણ પૂછ્યું તો એમણે કહ્યું કે મારી પાસે ઘડિયાળ નહોતી. આકાશમાં વાદળ હોવાને લીધે મને સમયની ખબર ના પડી. પરંતુ મુખ્ય શિક્ષક સમજ્યા કે ગાંધીજી જૂઠું બોલી રહ્યા છે. એમણે ગાંધીજીને બે આનાનો દંડ કર્યો. ગાંધીજી પોતાને જૂઠા સમજવાને કારણે રડી પડ્યા. બહુ કહેવા છતાં પણ મુખ્ય શિક્ષકે ગાંધીજીની વાત પર વિશ્વાસ ના મૂક્યો. ત્યારે ગાંધીજીએ પોતાના મનમાં નિશ્ચય કર્યો કે જીવનમાં કદી અસત્ય બોલશે નહીં અને પોતાનામાં એવું આત્મબળ પેદા કરશે કે લોકો પણ એને સત્ય જ માને. દ્રઢ વ્રતી બનીને સત્યને પોતાના આચરણમાં લાવવાનો નૈતિકપક્ષ એટલો મજબૂત થઈ જાય છે કે શેષ સમાજ એને સત્ય માનીને એના સન્માનમાં સ્વાભાવિક રીતે નમી પડે છે.

મહાત્માના ધૈર્યે દુષ્ટતા પર વિજય

એક મહાત્માને કદી કોઈએ ક્રોધિત થતા જોયા નહીં. તેઓ હંમેશાં સર્વ સાથે પ્રસન્નતાથી મળતા અને પ્રત્યેક સ્થિતિમાં શાંત રહેતા. એમની ઝૂંપડી પાસે એક ક્રોધી મનુષ્ય રહેતો હતો. જ્યારે તે મહાત્માને શાંતચિત્ત જોતો તો એમના ઉપર એને ઘણો ગુસ્સો આવતો. શાંતિના પોતાના ગુણને કારણે મહાત્માને મળનારા સન્માનથી એને ઈર્ષ્યા થતી.

એક દિવસ એના કુટિલ દિમાગમાં મહાત્માની પરીક્ષા લેવાનો વિચાર આવ્યો. એણે બીજા દિવસે મહાત્માને ભોજન માટે આમંત્રિત કર્યા. જ્યારે મહાત્મા એના ઘેર પહોંચ્યા તો તે બોલ્યો, 'ખાવાનું ખતમ થઈ ગયું છે.' મહાત્માએ સહજતાથી કહ્યું, 'કોઈ વાંધો નહીં. હું પછીથી આવીશ.' જ્યારે તેઓ જવા લાગ્યા તો એ માનવે એમને ફરીથી બોલાવ્યા અને કહ્યું, સાચી વાત તો એ છે કે આપના જેવા સાધુઓને હું ભોજન કરાવતો નથી. લોકો મૂર્ખ છે. જે આપને આદર આપે છે. પણ હું આપની અસલિયત જાણું છું. મહાત્માએ શાંત ભાવથી કહ્યું, તમે સાચું કહો છો ભાઈ હવે મને જવાની આજ્ઞા આપો. એ માણસે એમને ફરીથી બોલાવ્યા, 'મારા ઘરમાં ભોજન તો નથી પણ કેટલાક પથ્થર રાખ્યા છે. જો ખાવા ઈચ્છો તો.' મહાત્માએ હસીને કહ્યું, 'ભાઈ એ તો તમે જાણો છો કે પથ્થર ખાવાની વસ્તુ નથી.' એટલું કહીને શાંત ભાવથી તેઓ જવા લાગ્યા. મહાત્માના ધૈર્ય સામે એ માણસની દુષ્ટતા પરાજિત થઈ. એણે મહાત્માના ચરણોમાં પડીને પોતાના ખોટા વ્યવહાર બદલ ક્ષમા માગી. ત્યારે મહાત્માએ એને હૃદયથી માફ કરી દીધો. કેટલીકવાર શૂલના બદલે ફૂલ આપવાથી બુરાઈનો અંત આવી જાય છે. આવી પરિસ્થિતિમાં ધૈર્ય અને શાંતિથી સ્થિતિ જાળવવી.

''શક્તિ અને ઉતાવળે જે ન મેળવી શકાય તે ધીરજ અને પરિશ્રમથી મેળવી શકાય છે.''

સંવાદ - જાગો, ક્યાં સુધી કરશો વ્યસન?

બ્ર.કુ. પ્રોફેસર પ્રફુલ્લચંદ્ર શાહ (નડીઆદ)

જીજ્ઞાસુ : આજે આખા વિશ્વમાં તેમજ વિશેષ રૂપે આપણા દેશમાં વ્યસનીઓની સંખ્યા ઉત્તરોત્તર વધતી જાય છે. સરકારી તેમજ બિનસરકારી સંસ્થાઓ દ્વારા વ્યસનમુક્તિ માટેના સઘન પ્રયાસો થઈ રહ્યાં છે. છતાં પણ તેની કોઈ ખાસ અસર દેખાતી નથી. તો આવું શા કારણથી બની રહ્યું છે?

પરામર્શક : અનેક કારણો છે. સૌથી પહેલું કારણ એ છે કે, ૨૧મી સદીમાં ભારત સહિત દુનિયાભરના તમામ દેશોમાં લોકોની જીવનશૈલીમાં એવું એક નકારાત્મક તેમજ વિકૃત પરિવર્તન આવ્યું છે કે જેને કારણે લોકો અત્યંત તનાવગ્રસ્ત બન્યાં છે. લોકોમાં વ્યગ્રતા, હતાશા, નિરાશા, ચિંતાનું પ્રમાણ વધતું ગયું છે. આ બાબતોથી ક્ષણિક રાહત મેળવવા માટે લોકો વ્યસનને અપનાવતા હોય છે.

બીજું મહત્ત્વનું કારણ છે સંગદોષ. સંગદોષમાં આવીને પણ ઘણા લોકો વ્યસનગ્રસ્ત થઈ જાય છે. પોતાની ઈચ્છા ન હોવા છતાં પણ મિત્રોના સંગના દબાણથી અથવા એક વખત ટેસ્ટ કરવાની ઈચ્છાથી વ્યસનની શરૂઆત કરે છે અને પછી વ્યસનના ગેરફાયદા સમજ્યા વગર ધીરે ધીરે એના વ્યસની થઈ જાય છે.

ત્રીજા કારણમાં એવું પણ જોવામાં આવ્યું છે કે એકધારો વધુ પડતો શારીરિક શ્રમ કરનાર વ્યક્તિ પણ લાગેલા થાકથી અથવા કંટાળાથી મુક્ત થવા માટે ટેમ્પરરી ક્યારેક વ્યસનનો આસરો લે છે, પણ પછી સમય જતાં તે નિયમિત રૂપે વ્યસન કરતો થઈ જાય છે અને અંતે વ્યસની બની જાય છે.

એક સમય એવો હતો જ્યારે વ્યસન કરવું, વિશેષ કરી સિગારેટ પીવી, એક સ્ટેટસ - સિમ્બોલ ગણાતું. વિશેષ કરી ફિલ્મોના પ્રભાવના કારણે. પોતાના મિત્રો અથવા બીજા ઉપર પ્રભાવ પાડવા માટે પણ કેટલાંક લોકો વ્યસન કરતા જોવા મળે છે. જો કે આજે આ કારણ ઘણું ઓછું થઈ ગયું છે.

જીજ્ઞાસુ : તમારા મતે વ્યસન કોને કહેવાય? શું વ્યસનને કોઈ રીતે પરિભાષિત કરી શકાય?

પરામર્શક : જી હાં, વિશ્વની કેટલીક સંસ્થાઓએ વ્યસનને પરિભાષિત કરવાનો પ્રયાસ કર્યો છે, જેમ કે અમેરિકન સાઈકિયાટ્રીક એસોશિયેશને વ્યસનની પરિભાષા આપી છે કે ''એવો કોઈ પદાર્થ કે દ્રવ્ય કે જેનો ખોટો પ્રયોગ કરવામાં આવે અને તેના ઉપર વ્યક્તિ નિર્ભર બને.'' એક વખત આવા પદાર્થ લેવાની આદત પડી જાય પછી વ્યક્તિ તેના વગર રહી શકતી નથી, ભલે એને આ વ્યસનના કારણે શારીરિક, માનસિક તથા આર્થિક નુકશાન થતું હોય.

જીજ્ઞાસુ : આપે પરિભાષામાં પદાર્થો તથા દ્રવ્યોની વાત કરી છે, તો આ દ્રવ્યો કયા કયા છે?

પરામર્શક : આવા નશીલા તથા માદક દ્રવ્યો તો ઘણાં બધા છે. તેને ત્રણ વિભાગમાં વર્ગીકૃત કરી શકાય છે.

૧. તમાકુ અને તમાકુ પર આધારિત પદાર્થો : તમાકુની પત્તી, છીંકણી, બીડી, સિગારેટ, ચૂંગી, હુક્કો, પાન મસાલા, ગુટખા, ટૂથપેસ્ટ.

૨. દારૂ તથા તેના સ્વરૂપો : વ્હીસ્કી, રમ, બીયર, દેશી દારૂ, લઠ્ઠો.

૩. માદક દ્રવ્યો અને નશીલી દવાઓ : ભાંગ, ચરસ, ગાંજો, અફીણ, મોરફિન, હેરોઈન, બ્રાઉન સુગર, નિંદ્રા લાવનારી દવાની ગોળીઓ.

જીજ્ઞાસુ : એમ કહેવાય છે કે આ દ્રવ્યો ખૂબ જ વિનાશક છે. અનેક લોકો રોગોના ભોગ બને છે અને આર્થિક અને સામાજિક રીતે પાયમાલ થઈ જાય છે અને તેના કારણે ઘણા લોકો મૃત્યુના મુખમાં પણ ધકેલાઈ

જાય છે, તો તેની વિનાશકતા વિષે કોઈ માહિતી હોય તો આપશો.

પરામર્શક : વ્યસનની વિનાશકતાને સમજવા માટે નીચેના કેટલાંક મુદ્દાઓ ધ્યાન દોરે તેવા છે.

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) ના એક અહેવાલ અનુસાર વાયરસ, પેરાસાઈટ્સ અથવા બેકટેરીયા કરતા ધૂમ્રપાન કરનારા લોકો વધુ જોખમી રોગોનો ભોગ બનવાની સંભાવનાઓ ધરાવે છે.

તમાકુના સેવનથી દર વર્ષે આખા વિશ્વમાં અંદાજે ૧ કરોડથી વધુ લોકો મૃત્યુ પામે છે અને ભારતમાં દસ લાખ લોકો મૃત્યુને શરણ થાય છે.

ન્યૂયોર્કના હેલ્થ કમિશ્નર ડૉ. હોલિસના જણાવ્યા અનુસાર ''બંદુકની તમામ ગોળીઓ, તમામ જંતુઓ અને વાઈરસ કરતા પણ ધૂમ્રપાન વધુ ખતરનાક છે.''

વિશ્વની અતિ પ્રાચીન એકવીસ સંસ્કૃતિઓમાંથી ઓગણીસ સંસ્કૃતિઓના વિનાશનું કારણ મદ્યપાન છે. વિશ્વના વિનાશ માટે એકલો શરાબ જ પૂરતો છે.

દર વર્ષે વિશ્વમાં લગભગ ૨૫ લાખ લોકો મદ્યપાનથી થતી બીમારીઓના કારણે મરે છે. દર વર્ષે ૧૫થી ૨૯ વર્ષની ઉંમરના ૩ લાખથી પણ વધુ યુવકો મદ્યપાનને કારણે મૃત્યુ પામે છે.

જીજ્ઞાસુ : વ્યસની વ્યક્તિઓમાં તમાકુનું સેવન કરનારા સૌથી વધુ છે. કોઈ પણ સ્વરૂપે કરેલું તમાકુનું સેવન ધીમું ઝેર છે. આ કેટલા અંશે સત્ય છે?

પરામર્શક : જી હાં, ચોક્કસપણે તમાકુનું સેવન એક ધીમું ઝેર લેવા સમાન છે. તમાકુમાં વૈજ્ઞાનિકોએ આજ સુધી ૪૦૦૦ જેટલા નુકશાનકારક તત્ત્વો શોધ્યા છે, જેમાં ૪૦૦ જેટલા પદાર્થો ખૂબ જ ઝેરી છે. જેમાં મુખ્ય છે. ટાર, નિકોટીન, કાર્બન મોનોક્સાઈડ, મિથાઈલ આલ્કોહોલ, કીટોંસ, આલ્ડીહાઈડ્સ, પોટાશ, સલ્ફર, આર્સેનિક, લેડ, પ્રોપેન, બ્યુટેન, મિથેન, હાઈડ્રોજન સાઈનાઈડ, ફોર્મિક, ઓકસેલિક, એસેટિક, હાઈડ્રોસાયનિક જેવા એસીડો. સિગારેટ કે તમાકુના સેવન પછી માત્ર સાત જ સેંકડમાં નિકોટીન મગજ ઉપર અસર કરે છે. તે બાહ્ય મગજને ઉત્તેજિત કરે છે, જ્યારે અંદરના અગત્યના કેન્દ્રોને મંદ પાડે છે. જો ૫૦૦ મિલીગ્રામ નિકોટીનનું ઈન્જેકશન નસમાં આપવામાં આવે તો માણસનું તરત જ મૃત્યુ થાય છે, એટલું ભયાનક છે. એક સિગારેટમાં લગભગ ૧૦૦ મિલીગ્રામ જેટલું નિકોટીન હોય છે.

નિકોટીનની જેમ ટાર પણ અત્યંત ભયાનક રસાયણ છે. જો તેને નિયમિત રૂપે ચામડી પર લગાવવામાં આવે તો ચામડીનું કેન્સર થાય છે. એક સિગારેટમાં ૩૦થી ૪૦ મિલીગ્રામ ટાર હોય છે. જો આ રસાયણ ફેફસામાં જાય ત્યારે ચામડી કરતા નાજુક એવા ફેફસાનું કેન્સર થવાની પૂરેપૂરી શક્યતા છે.

સિગારેટના બળતા ભાગનું ઉષ્ણતામાન ૫૦૦-૯૦૦ ડીગ્રી સેન્ટીગ્રેડ જેટલું ઉંચું હોય છે. પરિણામે મોંમા ખેંચેલા ધૂમ્રપાનનું ઉષ્ણતામાન ૩૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડ જેટલું હોય છે આને કારણે તાળવાનું ઉષ્ણતામાન ૧૦૦ ડિગ્રી સેન્ટીગ્રેડથી પણ ઉંચુ જઈ શકે છે, જેના કારણે તાળવામાં ચાંદા પડી શકે છે અને મોંનું કેન્સર પણ થઈ શકે છે.

જીજ્ઞાસુ : આપે આપેલ માહિતી મુજબ તો તમાકુનું સેવન ખૂબ જ ખતરનાક તેમજ નુકશાનકર્તા છે, તો આની શરીર પર શું અસરો થાય છે?

પરામર્શક : હૃદયના ધબકારા વધે છે અને બ્લડપ્રેશર પણ વધે છે, એક સિગારેટ પીવાથી હૃદયના ધબકારા પ્રતિ મિનિટ ૧૫-૨૦ જેટલા વધી જાય છે. તેમજ બ્લડ પ્રેશર લગભગ ૨૦ મિલીમીટર જેટલું વધી જાય છે. પરિણામે હાર્ટ એટેકની શક્યતા અનેક ગણી વધી જાય છે.

ધૂમ્રપાનથી ટી.બી. થવાની શક્યતા પણ અનેક ગણી વધી જાય છે.

તમાકુમાં રહેલું નિકોટીન હૃદયને લોહી પૂરું પાડતી કોરોનરી ધમનીનું સંકોચન કરે છે. જેથી હૃદયને મળતા

લોહીની માત્રા ઘટી જાય છે. સાથે સાથે તમાકુ કેટેકોલાઈન નામના અંતઃસ્ત્રાવની માત્રા વધારે છે, પરિણામે હૃદયના ધબકારાની ઝડપ વધી જાય છે અને હૃદયરોગનો હુમલો થવાની શક્યતા પણ વધી જાય છે.

તમાકુના સેવનથી ફેફસા, હોઠ, જીભ, ગળું, સ્વરપેટી, અન્નનળી, મૂત્રાશય, કિડની, સ્વાદુપિંડ, પ્રોસ્ટેટ જેવા કેટલાય અંગોનું કેન્સર થઈ શકે છે. ભારતમાં થતા કુલ કેન્સરના ૫૦ ટકા તમાકુને આભારી છે એમ પુરવાર થયું છે.

આ ઉપરાંત, તમાકુના સેવનથી લોહીની નળીઓ જાડી થાય છે, શ્વાસની નળીમાં કફ ઉત્પન્ન કરતી ગ્રંથિઓનો સ્ત્રાવ વધી જાય છે, શ્વાસનળીમાં સોજો આવે છે. લીવર અને બરોળ ઉપર પણ તેની અસર થાય છે, હોજરીમાં એસિડની માત્રા વધી જાય છે, જેને કારણે હોજરી તથા આંતરડામાં ચાંદા પડે છે.

ધૂમ્રપાનથી લાળની માત્રા ઘટે છે. પાચન શક્તિમાં ઘટાડો થાય છે. દાંતને પણ ખૂબ નુકશાન થાય છે. સ્વાદ અને ગંધ પારખવાની શક્તિમાં પણ ઘટાડો થાય છે.

તમાકુના ઝેરી રસાયણોને કારણે આંખની જોવાની ક્ષમતા ઓછી થાય છે અને કેટલીક વાર સંપૂર્ણ અંધાપો પણ આવી શકે છે.

પુરુષોના શુક્રાણુઓની સંખ્યા ઘટે છે, તેથી વ્યંધ્યત્વ આવી શકે છે. બહેનો માટે ગર્ભવતી થવાની શક્યતા ઘટે છે, કસુવાવડ થવાની શક્યતા વધે છે. ગર્ભમાં બાળકનો વિકાસ બરોબર થતો નથી. નિકોટીન માતાના દૂધમાં આવી નાના શિશુનું મૃત્યુ પણ નિપજાવી શકે છે.

જીજ્ઞાસુ : જો કોઈ વ્યક્તિ તમાકુના વ્યસનથી મુક્ત થવા માંગતો હોય તો એના સરળ ઉપાયો કયા છે?

પરામર્શક : સૌ પ્રથમ તો વ્યસનીને વ્યસનથી થતા શારીરિક, માનસિક, આર્થિક તથા સામાજિક નુકશાનથી માહિતગાર કરી તેનામાં જાગૃતિ લાવવી જોઈએ.

ત્યારબાદ તેને વ્યસન છોડવા પ્રોત્સાહિત કરી વ્યસન છોડાવવું જોઈએ. આ માટે યોગ્ય દાખલા દલીલ કરી, તેનું કાઉન્સેલીંગ કરવું જોઈએ. સંભવ હોય તો ચિત્રો તેમજ વિડિઓ કલીપ્સનો ઉપયોગ કરી શકાય છે.

વ્યસની વ્યસન છોડે ત્યારબાદ તેને અન્ય વ્યસની વ્યક્તિઓના સંગથી દૂર રાખવાનો પ્રયાસ કરવો જોઈએ. જો ખૂબ જ તલપ લાગે તો બીજા કોઈ વિકલ્પનો ઉપયોગ કરી શકાય છે, જેમ કે, સોપારી, લવિંગ કે ઈલાયચી, જેવા પદાર્થો મોંમા મૂકી શકાય છે.

આજકાલ હોમિયોપેથીમાં અને આયુર્વેદમાં કેટલીક દવાઓ ઉપલબ્ધ છે. જે વ્યસન છોડવા માટે ખૂબ જ મદદગાર પૂરવાર થઈ છે. આ દવાઓથી વ્યસનીની તલપ પણ ઓછી થાય છે.

વ્યસન છોડ્યા બાદ વ્યસનીને કેટલીક શારીરિક તેમજ માનસિક તકલીફ થશે, જેમ કે માથું દુઃખવું, શરીર તૂટવું, કબજીયાત થવી કે ઝાડા થઈ જવા, ઉબકા આવવા કે ઉલ્ટી થવી, તનાવ, વ્યગ્રતા અનુભવવી, ઉંઘ ન આવવી, વગેરે. આવા સમયે મેડીકલ સુપરવિઝનમાં રાખી, જરૂર પડે તો યોગ્ય દવાઓ આપી તેને જે તે તકલીફથી મુક્ત રાખવો. આવા સમયે વિટામીન થેરાપી પણ ઉપયોગી થઈ પડે છે.

વ્યસન છોડ્યા બાદ વ્યસનીનું પ્રેમ અને સહાનુભૂતિપૂર્વકનું કાઉન્સિલીંગ અત્યંત મહત્ત્વનું છે. તેનો આત્મવિશ્વાસ અને મનોબળ દ્રઢ બને તે માટે તેને સતત પ્રોત્સાહિત કરવો જોઈએ.

જીજ્ઞાસુ : વિશ્વમાં ઘણી સરકારી તથા બિનસરકારી સંસ્થાઓ સમાજને વ્યસનમુક્ત કરવા માટે ખૂબ જ સક્રિય છે. આ દિશામાં બ્રહ્માકુમારી સંસ્થાનો શું ફાળો છે?

પરામર્શક : બ્રહ્માકુમારી સંસ્થામાં આધ્યાત્મિક જ્ઞાન અને સહજ રાજયોગની જે તાલીમ આપવામાં આવે છે, તેનાથી વ્યસની ખૂબ જ સરળતાથી વ્યસનથી મુક્ત

(અનુસંધાન પેજ નં. ૧૦ પર)

મનનો અન્ન ઉપર અને અન્નનો મન ઉપર પ્રભાવ

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી

એક સમય હતો કે જ્યારે લોકો અન્નની શુદ્ધિ ઉપર બહુ ધ્યાન આપતા હતા. તેઓ કોઈ દૂષિતવાળા ગૃહસ્થને ત્યાં ભોજન લેતા નહોતા. જ્ઞાન-ધ્યાનમાં રહેનારા સંન્યાસી અને ભિક્ષુકો પણ આ નિયમ ઉપર ઘણું ધ્યાન આપતા હતા. સમય જતાં અન્ન શુદ્ધિ ઉપરથી લોકોનું ધ્યાન ઓછું થવા લાગ્યું, તેથી આહાર ભ્રષ્ટથવાને લીધે એમના જીવનમાં ભ્રષ્ટતાની ગતિ વધારે તીવ્ર બનવા લાગી. એનો મનુષ્યોનાં મનબુદ્ધિ પર એટલોતો પ્રભાવ પડ્યો છે કે આજે જ્ઞાન ધ્યાનની વાતો મનુષ્યો ઉપર પ્રભાવ પાડતી નથી. આર્યસમાજ, બૌદ્ધ, શીખ ધર્મોના સ્થાપકો પણ જેના ઘેર ભોજન લેતા હતા તેની વૃત્તિ, દ્રષ્ટિ યા કમાણી કેવી છે તેનું ધ્યાન રાખતા હતા.

બૌદ્ધધર્મની પ્રસિદ્ધ કથાઓમાં એક સાચી જીવનકથા 'સુન્દર સમુદ્ર કુમાર' નામની વ્યક્તિની છે. તે જે ઘરમાં જન્મ્યો હતો તે ઘરમાં કરોડો રૂપિયાની સંપત્તિ હતી. એક દિવસે એણે જોયું કે કેટલાક લોકો પોત પોતાના હાથમાં પુષ્પમાળાઓ લઈને બીજા ગામમાં સત્સંગ સાંભળવા જઈ રહ્યા છે. એમને એણે પૂછ્યું, તમે લોકો ક્યાં જઈ રહ્યા છો? એ લોકોએ ઉત્તર આપ્યો - 'અમે બુદ્ધ પાસેથી ધર્મનું શિક્ષણ લેવા જઈ રહ્યા છીએ. એણે કહ્યું હું પણ આપની સાથે આવીશ.' એમ કહીને એ પણ એમની સાથે જોડાઈ ગયો.

બીજા ગામમાં જઈને એણે બુદ્ધનો ઉપદેશ સાંભળ્યો અને ઘણો જ પ્રભાવિત થયો. એણે ઘરબારનો સંન્યાસ કરીને બુદ્ધના સંઘમાં જોડાવાનો સંકલ્પ કર્યો. જ્યારે બધી સભા વિખરાઈ ગઈ ત્યારે એણે પોતાનો વિચાર બુદ્ધને જણાવ્યો, પરંતુ બુદ્ધે કહ્યું, તમે પહેલાં તમારા માતાપિતાની રજા લઈ લાવો, પછી જ તમને સંઘમાં રાખી શકાય. આ અમારો નિયમ છે.' સુન્દર સમુદ્ર કુમાર ઘેર ગયો અને ઘણા પ્રયત્નો પછી સંઘમાં દાખલ થવા



માટે પોતાનાં માતાપિતાની રજા લઈ આવ્યો. ત્યારે તે સંન્યાસ લઈને સંઘના નિયમો પ્રમાણે રહેવા લાગ્યો. પછી તે એ ગામ છોડીને બીજે ગામ ચાલ્યો ગયો.

જે ગામમાં તે પહેલાં રહેતો હતો ત્યાં એક દિવસ મેળો ભરાયો. એની માતાએ એ મેળામાં સુન્દર સમુદ્ર કુમારના મિત્રોને ખૂબ રમતા અને મોજ કરતા જોયા, આ જોઈએ એના માતાપિતા ખૂબ રડવા લાગ્યાં. તેઓ વિચારવા લાગ્યાં કે હવે તો મારો પુત્ર પાછો ફરે એ મુશ્કેલ છે. એ વખતે એક વેશ્યા એમના ઘેર આવી અને બોલી, 'માતા, તમે શા માટે રડો છો?'

'મારા પુત્રની યાદ બહુ જ આવે છે. એટલે રડી રહી છું.' તેણી બોલી.

'આપનો પુત્ર ક્યાં ગયો છે.' વેશ્યાએ પૂછ્યું.

'તે તો સંન્યાસ લઈને ભિક્ષુઓની સાથે રાજગહા ગામમાં ચાલ્યો ગયો છે.' માતાએ કહ્યું.

'જો હું એને સંસારમાં પાછો લાવું તો તમે મને શું ઈનામ આપશો?' વેશ્યાએ પ્રશ્ન કર્યો.

માતાએ ઉત્તર આપ્યો - 'અમે તને આ ઘરની સઘળી સંપત્તિની માલિક બનાવી દઈશું.'

'સારું, તો મને પુરુષાર્થ કરવા માટે ખર્ચ આપો.' એમ કહીને એ વેશ્યાએ ધન લીધું અને તે રાજગહા ગામમાં પહોંચી.

એણે ત્યાં જઈને જોયું કે 'સુન્દર સમુદ્ર કુમાર' કે જે ભિક્ષુ બની ગયો હતો, તે ભિક્ષા લેવા ક્યાં ક્યાં જાય છે. જે ગલીમાં મોટે ભાગે તે ભિક્ષા લેવા આવતો હતો તે ગલીમાં વેશ્યાએ એક સુંદર ઘર રહેવા માટે લીધું. તે સવારે જ સારું ભોજન બનાવી દેતી હતી. આમ કેટલાક

દિવસો વીતી ગયા પછી વેશ્યાએ કહ્યું, ‘ મહારાજ, અહીં બેસીને જ ખાઈ લો.’ એમ કહીને વેશ્યાએ ભિક્ષુનું કૌપિન (ભિક્ષાપાત્ર) માંગ્યું. ભિક્ષુએ તે આપ્યું. એમાં વેશ્યાએ સ્વાદિષ્ટ ભોજન પદાર્થો ભિક્ષુને આપ્યા. ભોજન કરી લીધા પછી વેશ્યાએ ભિક્ષુને કહ્યું, ‘મહાત્મન, આ સારી જગ્યા છે. આપ અહીં બેસીને દરરોજ ભોજન કરો.’ આ પ્રકારે વેશ્યા પોતાના હાથે બનાવેલું ભોજન ભિક્ષુને આપતી રહી.

એ પછી વેશ્યાએ પોતાની ગલીનાં બાળકોને મિઠાઈઓ વગેરે ખવડાવીને બાળકોનું મન જીતી લીધું. એક દિવસ એણીએ બાળકોને કહ્યું, ‘જ્યારે ભિક્ષુ અહીં આવે ત્યારે તમે ધૂળ ઉડાડજો. હું તમને રોકું છતાં પણ રોકાયા વિના તમે ધૂળ ઉડાડજો.’’ આ રીતે બીજા દિવસે જ્યારે ભિક્ષુ આવ્યો અને વરંડામાં ભોજન કરવા લાગ્યો. ત્યારે બાળકો ધૂળ ઉડાડવા લાગ્યાં. અને વેશ્યાએ તેમને રોકયા છતાં માન્યાં નહીં. બીજા દિવસે ભિક્ષુ આવ્યો ત્યારે વેશ્યાએ કહ્યું, ‘મહાત્મન, આ છોકરાં ચંચળ છે, ધૂળ ઉડાડે છે તે કહેવા છતાં તેઓ માનતાં નથી. તેથી તમે ઘરમાં અંદર બેસો.’ ભિક્ષુએ વેશ્યાની વાત માની લીધી. પછી વેશ્યાએ બાળકોને શીખવાડ્યું કે ઘરમાં જ્યારે ભિક્ષુ જમવા બેસે ત્યારે તમે સૌ અવાજો કરજો અને હું રોકું છતાંયે અવાજો કરવાનું ચાલું રાખજો. બીજા દિવસે બાળકોએ અવાજો કર્યા એટલે વેશ્યાએ ભિક્ષુને ઘરના ઉપરના માળે, અવાજ વગરના શાંત સ્થળે બેસીને જમવાનું કહ્યું, ભિક્ષુએ વેશ્યાની વાત માની લીધી. ત્યારે વેશ્યાએ પોતાની અશ્લીલ કામના ભિક્ષુ સમક્ષ વ્યક્ત કરી.

આ પ્રકારે જીવનવૃત્તાંતમાં જણાવ્યું છે કે વેશ્યાના હાથનું બનેલું અન્ન ખાતાં ‘સુન્દર સમુદ્ર કુમાર’ કે જે ભિક્ષુ બની ગયો હતો અને વૈરાગ્યમાં આવીને કરોડો રૂપિયાની સંપત્તિને લાત મારી હતી. તેને વેશ્યાએ દૂષિત અન્નથી એવો બનાવી દીધો કે તે ધર્મકર્મનું ભાન ભૂલવા લાગ્યો. છેવટે તેને પશ્ચાતાપ થયો. વેશ્યાતો કામવૃત્તિ અને ઈનામના લોભમાં વશીભૂત હતી. તેથી એની વૃત્તિએ અન્ન ઉપર પ્રભાવ પાડ્યો. જેનો સ્વીકાર કરવાથી ભિક્ષુના મનમાં એ સ્વાદિષ્ટ ભોજનનો લોભ થઈ ગયો. અને એના મનની અવસ્થા બગડી ગઈ. એ ગ્રંથમાં લખ્યું છે કે બુદ્ધે જ પોતાનાં આત્મિકબળથી એને પતિત બનતાં અટકાવ્યો. આ ઘટના બૌદ્ધગ્રંથોમાં ‘સુન્દર સમુદ્ર કુમાર અને વેશ્યા’ - એ નામથી પ્રસિદ્ધ છે. આ ચર્ચા બુદ્ધે પોતાના સર્વોત્તમ શિષ્ય ‘આનંદ’ સાથે કરી હતી. એટલે અન્ન બનાવનારા અને આપનારાના મનનો અન્ન ઉપર પ્રભાવ પડે છે અને એનું સેવન કરનાર ઉપર જે પ્રભાવ પડે છે તે સ્પષ્ટ છે.

બુદ્ધના અનન્ય શિષ્ય આનંદ પર માયાનો પ્રહાર

બૌદ્ધ ગ્રંથોમાં સૂત્રોમાં એક બીજી ઘટના પણ છે. એમાં લખ્યું છે કે એકવાર મહાત્મા બુદ્ધ અને એમની શિષ્ય મંડળી એક રાજાના નિમંત્રણ પર ત્યાં ભોજન કરવા ગયાં હતાં. એમની પાછળ જ એમનો મુખ્ય શિષ્ય આનંદ, કે જે કોઈ કામે ગયો હતો તે પાછો આવ્યો. મહાત્મા બુદ્ધ તથા અન્ય સર્વની અનુપસ્થિતિમાં એણે પોતાનું કૌપીન લીધું અને ભિક્ષા લેવા ચાલી નીકળ્યો. ભિક્ષા લેતી વખતે તે ભિક્ષા આપનાર કોણ છે એનું ધ્યાન રાખતો નહોતો. ભિક્ષા લેતાં લેતાં તે એક વેશ્યાના ઘેર જઈને ભીખ માંગવા લાગ્યો.

વેશ્યાની છોકરી ‘પેહિતી’ આનંદની તેજસ્વિતાને જોઈને એના ઉપર મોહિત થઈ ગઈ અને એણીએ પોતાની માતાને આનંદ ઉપર જાદુ કરવા કહ્યું. આનંદ એ ભિક્ષાની પાછળ એના ઘરમાં ગયો અને ત્યાં એની પણ દ્રષ્ટિ વૃત્તિ દૂષિત બની ગઈ. બુદ્ધે પોતે રાજાને ઘેર મહેમાન હતા ત્યાંથી જ પોતાના અનન્ય શિષ્યને આનંદની પાસે મોકલ્યો અને તેને ત્યાંથી પાછો લાવવામાં આવ્યો. ત્યારે આનંદની અવસ્થામાં પરિવર્તન આવ્યું.

આ બંને વૃત્તાંતોથી માલૂમ થાય છે કે સ્થાન, દ્રષ્ટિ અને વૃત્તિનો પણ પ્રભાવ મનુષ્યના મન ઉપર પડે છે. જો મનુષ્ય પોતાના સ્વરૂપમાં સ્થિત થાય, પરમપિતા

પરમાત્માની યાદમાં સ્થિત રહે તો માયાનો પ્રભાવ ઓછો થાય છે. નહીંતર માયા સમગ્ર રીતે ગ્રસિત કરી દે છે. પણ આજે ભૌતિકવાદ અને નાસ્તિકવાદની બોલબાલા છે એટલે લોકો અન્નશુદ્ધિ તરફ પૂરતું ધ્યાન આપતા નથી. જે સ્વયંને આસ્તિક માને છે, તેઓ પણ માંસ, મદિરા વગેરેને તામસિક આહાર માને છે પણ તે બનાવનારા અને કમાનારાની દ્રષ્ટિ અને વૃત્તિ પર ધ્યાન આપતા નથી.

આર્ય સમાજના સ્થાપક દયાનંદજીના જીવનની એક ઘટના

આર્ય સમાજના પ્રસિદ્ધ લેખક અને પ્રચારક આનંદ સ્વામીએ 'પ્યારા ઋષિ' શીર્ષકથી એક પુસ્તક લખ્યું છે. તેમાં ભોજન સંબંધી કેટલીક ઘટનાઓનો ઉલ્લેખ હતો. એમાં 'કુકર્મીનું ભોજન ખાવું નહીં-' આ શીર્ષક અંતર્ગત લખ્યું છે કે મુરાદાબાદના ધનિક સાહૂ શ્યામ સુન્દર વેશ્યાગમન તથા દુર્વ્યસનોમાં ફસાયેલા હતા. તેમણે એક દિવસ સ્વામી દયાનંદજીને વિનંતી કરી કે મહારાજ આપ મારા ઘેર આવીને ભોજન કરો. સ્વામીજીએ તેની વિનંતીનો અસ્વીકાર કર્યો. પરંતુ એ સમયે જ્યારે એક સજ્જને સ્વામીજીને ભોજન લેવાની વિનંતી કરી તો દયાનંદજીએ સજ્જનની વિનંતીનો સ્વીકાર કર્યો. સાહૂ શ્યામ સુંદરે આ બાબત સ્વામીજીને ઠપકો આપ્યો. તો એ સમયે દયાનંદજી ચૂપ રહ્યા. પણ વ્યાખ્યાનમાં આ ઘટનાનો ઉલ્લેખ કરીને સાહૂ શ્યામસુંદરને સંબોધીને કહ્યું કે, 'જ્યાં સુધી તું કુકર્મ છોડીશ નહિ, ત્યાં સુધી હું તારા ઘેર ભોજન લઈશ નહીં.'

ઉપરની ઘટનાથી એ વાત સ્પષ્ટ છે કે મનુષ્ય કે જે વાસનાપૂર્ણ મનવાળો હોય અથવા વ્યસની હોય, તેના ઘરનું બનેલું ખાવું જોઈએ નહીં. કારણ કે એની દૂષિત વૃત્તિઓનો પ્રભાવ અન્ન ઉપર પડે છે અને તે ખાવાથી ખાનારના મનને પણ દૂષિત કરે છે. જો કે સાહૂ શ્યામસુંદર તો હવે દયાનંદજીના સત્સંગમાં આવવા લાગ્યા હતા અને ઉપદેશ પણ સાંભળતા હતા. તેથી જ એમણે આદર અને ભાવનાથી એમને પોતાના ઘેર ભોજન લેવાનું આમંત્રણ આપ્યું. પરંતુ આદર અને ભાવના જ પૂરતાં નથી. મનુષ્યનું ચરિત્ર અથવા મન પણ વ્યસનોથી મુક્ત હોવું જોઈએ. ખાવાનું તો સાહૂ શ્યામ સુંદરજીને બનાવવાનું નહોતું. એમના ઘરમાં તો રસોઈયા હતા. પરંતુ જ્યારે ઘરનો માલિક, નિમંત્રણ આપનાર જ વાસનાપૂર્ણ સ્વભાવવાળો હતો તેથી જ તેના નિમંત્રણનો દયાનંદજીએ અસ્વીકાર કર્યો. ખાવાનું બનાવનાર જો ખરાબ વ્યસનોવાળો હોય તો એના હાથનું બનાવેલું ભોજન કદી ખાવું જોઈએ નહીં.

નાનકજીના જીવનની ઘટના

નાનકજીએ એકવાર ધનિક વ્યક્તિએ આપેલા ભોજનના નિમંત્રણનો અસ્વીકાર કર્યો પણ એક ઝૂંપડીમાં જઈને એક ગરીબ અને હલકી જાતિના ઘેર ભોજન લીધું. ધનિક વ્યક્તિએ આ સંદર્ભમાં નાનકજીને પ્રશ્ન કર્યો હતો. નાનકજીએ ધનિકના ઘરની રોટલી લઈને નિચોવી તો તેમાંથી લોહી નીકળ્યું. આ બાબતે નાનકજીએ જણાવ્યું કે ધનિકની કમાણી ખોટી છે. એણે કેટલાયે લોકોનું શોષણ કરીને ધનની કમાણી કરી છે. જ્યારે ગરીબ માણસે પરસેવો પાડીને સાચી કમાણી કરી હતી.

આ ઘટનાઓ એ સૂચિત કરે છે કે આપણે અન્નદોષથી બચવું જોઈએ. અન્નદોષ પણ સંગદોષ જેવો જ છે જે મનુષ્યનાં મનને મલિન બનાવી દે છે. તેનાથી મનુષ્યના મનમાં ચંચળતા અવે છે., વાસનાઓ જાગે છે અને અવસ્થા ડગમગ થાય છે. જેના સ્વભાવમાં કામ, ક્રોધ હોય તેના હાથનું બનાવેલું ભોજન કદી ના લેવું જોઈએ. કારણ કે આ બંને વિકારો ઘણા જ ભયંકર છે. તેથી પરમપિતા શિવે આપણને શિક્ષણ આપ્યું છે કે તમે યોગાયુક્ત અને પવિત્ર અવસ્થામાં સ્થિત થઈને ભોજનનો સ્વીકાર કરો. કોઈપણ અપવિત્ર વ્યક્તિના હાથે બનેલા ભોજનનો સ્વીકાર ના કરો.

ગૃહસ્થીઓ સમક્ષ અન્ન શુદ્ધિ માટે બાધક તકલીફો

ગૃહસ્થીઓને એક બીજાને ત્યાં આવવું જવું તો પડે છે. આજકાલ લોકો ઈશ્વરીય જ્ઞાન અને યોગનો અભ્યાસ કરતા નથી તેમ જ સમાજમાં સિનેમા, ફેશન અને

જીભના સ્વાદને સંતોષવાની તેમજ વિલાસનાં સાધનોની બોલબાલા છે ત્યારે સાત્વિક સ્વભાવના લોકો તો મળવા મુશ્કેલ છે. તેથી પ્રશ્ન ઉઠે છે કે આવી સ્થિતિમાં શું કરવામાં આવે? જ્યારે એક ગૃહસ્થી બીજાને ત્યાં જાય છે. અને બીજો સ્નેહથી, સન્માનથી યા શિષ્ટાચારની રીતથી એની સમક્ષ ઘરની બનાવેલી ચીજ અથવા બહારથી લાવેલી કોઈ મીઠાઈ વગેરે રાખે છે તો શું તેનો સ્વીકાર કરી લઈએ? બહારની ચીજનો અસ્વીકાર કરવાની વાત તો કેટલાક લોકો માની લે છે પરંતુ જેના ઘરમાં અતિથિ બનીને યા મિત્રભાવથી યા કોઈ કાર્ય માટે જઈએ છીએ, તેના પોતાના ઘરની બનાવેલી ચીજનો અસ્વીકાર કરી દઈએ છીએ, તો સંભવ છે કે તેને એ બાબતે ખોટું લાગશે. હા એવા લોકો પણ છે કે જો કોઈના જીવનનો નિયમ હોય તો લોકો તેને દબાણ કરતા નથી. પરંતુ મોટાભાગના લોકો 'ખાઓ, પીઓ અને મોજ કરો' ના સિદ્ધાંતના અનુયાયી છે. તો શું કરવામાં આવે?

એ વાત તો સ્પષ્ટ છે કે આપણે આપણો નિયમ તોડવો જોઈએ નહીં. આપણે જાણીએ છીએ કે અન્નદોષનો આપણા મન ઉપર ખરાબ પ્રભાવ પડે છે. તો આપણે જો બીજાઓની ખોટી ધારણાના પ્રભાવમાં આવીને અથવા એનાથી ડરીને પોતાનું મંતવ્ય, સિદ્ધાંત તથા આચરણને છોડી દઈએ છીએ, તો તે આપણી અત્યંત નબળાઈ છે. આપણી કોઈપણ ધારણા (નિયમ) જેને બીજા લોકો જાણતા નથી અથવા માનતા નથી તેનો સ્વીકાર કરાવતાં સમય તો લાગે જ છે અને એ માટે નિંદા, ટીકા, સામાજિક બહિષ્કાર વગેરે સહન કરવું પડે છે. આ બધું થોડા સમય માટે સહન કરવું પડે છે પણ એના પછી એનું ઘણું મીઠું ફળ નીકળે છે. તેનાથી માત્ર આપણા મનમાં જ શાંતિ થાય છે અને આત્મિક ઉન્નતિ થાય છે એટલું જ નહીં પણ એક દિવસ વિલાસી લોકો પણ પોતાના જીવનની ભ્રષ્ટતાથી પીડિત થઈને અવશ્ય સત્ય સામે ઝૂકી જાય છે. તેથી આપણે આપણા સિદ્ધાંતની શ્રેષ્ઠતા સમજીને, બીજાઓ પ્રત્યે સ્નેહની ભાવના રાખીને આત્મિક સ્થિતિમાં સ્થિત થઈને મધુર શબ્દોમાં એમને સમજાવવું જોઈએ. અને પોતાના નિયમ વિશે વિનયપૂર્વક જણાવી દેવું જોઈએ. આ દ્રઢતા આજે નહીં તો કાલે જરૂર પ્રભાવ પાડે છે. કારણ કે તે સમજી જાય છે કે આનાથી મનુષ્યનું ધન નકામું બગડશે નહીં અને જીભના ગુલામ પણ બનાશે નહીં. એનાથી સ્વાસ્થ્ય પણ સારું રહે છે અને માનસિક તથા આત્મિક ઉન્નતિ તો થાય છે જ.

ચિંતામુક્ત બનો

યોગશક્તિ દ્વારા માનવ જીવન શ્રેષ્ઠ બનાવી લે
શા માટે કરે ચિંતા તું, એક પ્રભુને અપનાવી લે.
ચિંતા ચિતા સમજીને દૂર રહે એ અગ્નિથી
પરિસ્થિતિઓ ઉપર વિજય મેળવવા કામ લે જ્ઞાન શક્તિથી
વ્યર્થ ચિંતનથી મુક્ત બનીને સમર્થ સ્વયંને બનાવી દે...
શા માટે કરે ચિંતા તું....
અખંડ દીપક પ્રભુયાદનો પ્રગટાવી, માયા વિકારોને દૂર કરો,
જવલંત બનાવો હર વિચારને જ્ઞાનરત્નોથી ભરપૂર કરો.
ખુશી અનોખી હૃદયે રાખી, દિવ્યગુણોને સજાવી લે
શા માટે કરે ચિંતા તું....
સંસાર સાગરમાં નાવ જીવનની અહીં તહીં ભટકાવો નહીં.
માયારૂપી મગરમચ્છ જોઈ, મધદરિયે અટકાવો નહીં.
નિશ્ચય રાખી આગળ વધીને, વિઘ્નોને સમાવી લે
શા માટે કરે ચિંતા તું....
સાચા સુકાની બાબા પ્યારા, સર્વેનાં તારણહારા છે
અપકારી પર ઉપકાર કરીને જીવન સફળ કરનારા છે
એકબળ એક ભરોસે ચાલી, તન,મનપાવન બનાવી લે
શા માટે કરે ચિંતા તું....
યાદ પ્રભુની ગજબની શક્તિ કલહકલેશ મિટાવે છે
પાંચ વિકારોથી દૂષિત આત્માને રોગ શોકથી હટાવે છે
ચિંતામુક્ત બનવા કાજે, સુખદાતા શિવને અપનાવી લે
શા માટે કરે ચિંતા તું....

બ્રહ્માકુમારી ગોદાવરી, મુલુંદ-મુંબઈ

યુવા વિભાગ - યુવા શોઝ શિવ!

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

હે યુવા... આ દુનિયા બે ભાગોમાં વહેંચાયેલી છે. એક દિમાગવાળાની અને બીજી દિલવાળાની! વિશ્વ, ભારત કે યજ્ઞના ઈતિહાસના પાના ફેરવીએ તો એવું નિશ્ચિત જોઈ શકાશે કે સૌથી વધારે પ્રાપ્તિ કે સફળતા માત્ર દિલવાળાઓએ જ મેળવી છે! આ વાતને કદાચ વિજ્ઞાન સિક્કો નહીં મારે પણ આધ્યાત્મિકતા જરૂર સાક્ષી પૂરાવશે.

હે યુવાનો મેં જ્ઞાનમાર્ગમાં પદાર્પણ કર્યું અને આજ સુધી એક જ તારણ કાઢી શક્યો કે મારે દિલવાળા જ બનવું જોઈએ. આ વાતને કોઈ સ્વીકારે કે નહીં પણ સ્વીકારે, પરન્તુ પ્રાણપ્યારા બાપદાદા જરૂરથી સ્વીકારશે. એના અનેક દાખલાઓ આપણે જરૂર અનુભવ પણ કર્યા હશે. એવા કેટલાક દાખલાઓ અત્રે રજૂ કર્યા છે, જે યજ્ઞના ઈતિહાસમાં સ્વર્ણિમ અક્ષરે લખાયેલા છે.

૧. કહેવાય છે કે સાકાર બાબાએ આદરણીય મમ્માને બોલાવ્યા. મમ્મા બાબા પાસે આવ્યા. બાબાના હાથમાં એક ઈંડુ હતું. મમ્માને ઈંડુ બતાવી બાબાએ મમ્માને મોં ખોલવા કહ્યું અને મમ્માએ એક ક્ષણની પણ વાર ન કરતાં મોં ખોલી બાબાની સામે ઉભા રહ્યા. બાબાએ કહ્યું મમ્મા આપ પાસ હો ગયી.

આજે એ જ મમ્મા આપણા સર્વ માટે આઈકોન છે, આદર્શ છે અને સૌ કોઈ મમ્મા બનવાનું લક્ષ્ય રાખે છે.

૨. સાકાર બાબાએ રાત્રી કલાસમાં કહ્યું કે અંગ્રેજી તેમજ હિંદીમાં પૅમ્ફલેટ છપાવવા છે, તો કોણ મેટર લખશે? ત્યારે કહેવાય છે કે જગદીશભાઈ સહિત ત્રણ - ચાર ભાઈઓએ આંગળી ઊંચી કરી હતી. રાત્રે લાઈટ જતી રહી છતાં સ્ટ્રીટ લાઈટના ઝાંખા અજવાળામાં જગદીશભાઈએ મેટર લખી હતી. સાથી ભાઈઓએ અનેક પ્રકારની દલીલો રજૂ કરી હતી કે રાત્રે લાઈટ બંધ થઈ ગઈ છે, બાબાને પણ ખબર જ છે ને? પરંતુ જગદીશભાઈએ બીજી બધી જ વાતોથી પર જઈ માત્ર ને માત્ર દિલનો અવાજ સાંભળ્યો. આજે આપણે સૌ જાણીએ છીએ કે બાબાએ જગદીશભાઈને સંસ્થાના અનેક પુસ્તકો લખવા માટે નિમિત્ત બનાવ્યા. તેઓને યજ્ઞના મુખ્ય પ્રવકતા તરીકે નિયુક્ત કરાયા. આ માત્ર દિલની જ જીત હતી નહીં કે દિમાગની!

૩. બાબાએ દાદી પ્રકાશમણિજીને ધર્મ સંમેલનમાં સેવાર્થે જાપાન જવા માટે કહ્યું અને દાદી સાથી બહેન સાથે કોલકાતા જવા નીકળી ગયા. દાદીજી પાસે પાસપોર્ટ કે વિઝા ન હતા. પરંતુ એક બળ એક ભરોસે કોલકાતા પહોંચી ગયા હતા. કહેવાય છે કે યજ્ઞના બેગરી પાર્ટ સમયે બાબાની રજા લઈ ગોવિંદભાઈ જતા રહ્યા હતા. પછી તેઓએ જાપાનમાં વ્યવસાય શરૂ કરેલ. જે સમયે દાદીજી કોલકાતા પહોંચ્યા એ જ સમયે ગોવિંદભાઈ પણ કોલકાતામાં હતા. તેઓની મુલાકાત ત્યાં થઈ અને દાદીજીને જાપાનના ધર્મ સંમેલનમાં લઈ જવા ગોવિંદભાઈ નિમિત્ત બન્યાં હતાં. ઈતિહાસ તો ખૂબ જ લાંબો છે. એના વિસ્તારમાં ન જતાં આપણે સારની વાત કરીએ તો એ બધું માત્ર દિલમાં રહેલાં નિશ્ચયની કમાલ હતી કે દાદીજી જાપાન પહોંચી શક્યા હતાં. એ જ દાદીજી બાબા અવ્યક્ત થયા બાદ યજ્ઞના કારોબાર માટે નિમિત્ત બન્યા હતા.

૪. આજથી ૩૫ વર્ષ પહેલાં કેટલાક બાળકોએ દાદીજીને પત્ર લખ્યો કે શું મધુબનમાં રહેવાનો અધિકાર માત્ર મોટાઓને જ છે અમોને નથી? શું અમો બાબાના ઘરમાં રહી ન શકીએ? ત્યારે દાદીજીએ દિમાગનો નહીં પણ દિલનો ઉપયોગ કરી બાળ વ્યક્તિત્વ વિકાસ શિબિરની શરૂઆત કરી. આશ્ચર્ય થશે કે આ શિબિરમાંથી અનેક કન્યાઓ, કુમારો સમર્પિત થઈ યજ્ઞને સહયોગી બન્યા છે. સેન્ટર ચલાવવા માટે નિમિત્ત બન્યા છે.

૫. કુમારીઓની ટ્રેનીંગની શરૂઆત પણ દિલની જ ઉપજ છે નહીં કે દિમાગની! કુમારીઓની પ્રથમ ટ્રેનિંગમાંથી આદરણીય મુન્નીબહેન, આદરણીય ચંદ્રિકાબહેન, આદરણીય શીલુબહેન, આદરણીય આશાબહેન વગેરે જેવી મહાન વિભૂતિઓની શોધ થઈ. આજે તેઓ યજ્ઞના

ઈતિહાસમાં સ્વર્ણિમ અક્ષરોથી ગાથા લખવા નિમિત્ત બની શક્યા.

૬. આદરણીય દાદી જાનકીજીની વાત કરીએ તો વંડર લાગશે. તેઓએ અમદાવાદ, પૂણે સહિત અનેક સેવા કેન્દ્રોની સ્થાપના કરી, પાલના કરી. તેઓ ઉછેર, વિકાસ અને વૃદ્ધિ કરવા માટે નિમિત્ત બન્યા. પરન્તુ પ્યારા બાપદાદાએ આદેશ આપ્યો કે દાદી જાનકીજીને સેવાર્થે વિદેશ જવાનું છે. ચાર ધોરણ ભણેલા દાદીજી વિદેશ જવા નીકળી પડ્યા. ત્રણ-ચાર વર્ષ અંગ્રેજોની વચ્ચે રહી, અજાણ્યા સ્થાન ઉપર માત્ર દિલના ભરોસે તપસ્યા કરી. આજે ૧૩૭થી ઉપરાંત દેશોમાં બાબાના સેવાકેન્દ્રો સ્થાપિત થઈ શક્યા. છેલ્લે દાદી પ્રકાશમણિજી અવ્યક્ત થયા બાદ દાદી જાનકીજી આબુ ખાતે મુખ્ય પ્રશાસિકા તરીકે નિમણૂંક કરવામાં આવી. દાદીજી વિદેશની સેવાસાથી બહેનોને જવાબદારી સોંપી આબુ પહોંચી ગયા. આ ત્યાગ દિમાગવાળો કદાપિ કરી શકે નહીં. આ તો માત્ર ને માત્ર દિલવાળાનું જ કામ છે.

આવા અસંખ્ય દાખલાઓ ટાંકી શકાશે. ફક્ત જ્ઞાનમાર્ગમાં જ નહીં પરંતુ ભક્તિમાર્ગમાં પણ એવા અસખ્ય દાખલાઓની નોંધ લેવામાં આવી છે. જેમ કે નરસિંહ મહેતાએ હૂંડી લખી આપી, ભક્ત શિરોમણી મીરાબાઈએ ઝેર પીધું, સંત જ્ઞાનેશ્વરે પાડાના મુખેથી વેદના શ્લોક બોલાવડાવ્યા, ભક્ત પ્રહલાદના કહેવાથી પ્રભુ નરસિંહને થાંભલામાંથી પ્રગટ થવું પડ્યું, મહાવીર હનુમાને છાતી ફાડી શ્રીરામજીના દર્શન કરાવ્યા, ગણેશજીએ પૃથ્વીની પ્રદક્ષિણાના બદલે પોતાના મા-બાપની પ્રદક્ષિણા કરી વગેરે-વગેરે. વિશેષમાં નોંધ લેવા જેવી વાત એ છે કે ભક્તિમાર્ગમાં જેટલા પણ દાખલા છે, તેમાંથી એક પણ દાખલો એવો નથી કે દિમાગવાળાને કોઈ અનુભૂતિ થઈ હોય. ભક્તિમાર્ગમાં શાસ્ત્ર, કથા, ગ્રંથ, પુસ્તકોના પંડિતો કરતા ગરીબ, અભણ, ભોળા કે સામાન્ય વ્યક્તિને જ વિલક્ષણ પ્રાપ્તિના અધિકારી બતાવવામાં આવ્યા છે.

વ્હાલા યુવાનો, આ વાત આપની સમક્ષ રજૂ કરવા પાછળનો ઉદ્દેશ્ય માત્ર એટલો જ છે કે આ જ્ઞાન-વિજ્ઞાનની સદીમાં ચર્ચા-દલીલોમાં ફસાયા કરતા શિવ પરમાત્માએ કહેલાં મહાવાક્યોને જીવનમાં ધારણ કરવા માટે અનુભવીમૂર્ત બનીએ. તેના થકી જ પોતાની જાતનું સશક્તિકરણ કરી શકાશે. ચર્ચા-દલીલો માત્ર ને માત્ર સમય, શક્તિ અને સંકલ્પને વેડફી નાખશે. નિર્બળ બનાવશે.

આ સાથે કેટલાક એવા દાખલા આપ્યા છે, જે આપણા જીવનને નિષ્ફળ બનાવવા પૂરતાં છે.

૧. હું શું કરું, મારી પરિસ્થિતિ જ એવી છે...

ઉપરોક્ત વાક્ય સંશયબુદ્ધિ દિમાગની ઉપજ છે. વ્યક્તિ જ્યારે પરિસ્થિતિના આધીન થઈ કોઈ કર્મ કરે છે, ત્યારે પ્રત્યક્ષ ફળ તરીકે તે ઉદાસી, ભય, ચિંતા, દુઃખ કે અશાંતિની અનુભૂતિ કરવા લાગે છે. એવા સમયે સ્વ-પરિવર્તનની હિંમત રાખવાને બદલે પરિસ્થિતિને આગળ ધરી એવા પ્રકારની દલીલો કરતા હોય છે. વાસ્તવમાં ભગવાને કહ્યું છે કે આ દુનિયા અનેક પરિસ્થિતિ, સમસ્યાઓ અને વિઘ્નોથી ભરપૂર છે. એમાંથી એકને પણ આપણે બદલી શકવાના નથી, ત્યારે એવા સંજોગોમાં માત્ર સ્વ-પરિવર્તન જ રામબાણ ઉપાય છે. બાબા બાળકોને હમેશા દિલાસો આપતા આવ્યા છે કે હે મીઠા બાળકો, કલ્પે-કલ્પે એવું તો થયા જ કર્યું છે અને કલ્પે-કલ્પે તમે વિજયી બન્યા છો. બાબાએ કહ્યા પ્રમાણે ચાલવાથી જ આપણું કલ્યાણ છે.

૨. હું તો કુમાર છું, જો હું કુમારી હોત તો ક્યાં ને ક્યાં પહોંચી ગઈ હોત....

સામાન્યતઃ આવી દલીલ પણ ચર્ચા સત્રમાં થયા જ કરે છે. પરિણામતઃ આપણે કુમાર જીવનના મહત્ત્વને સ્વીકારી ઉમંગ-ઉત્સાહમાં ઉડવાને બદલે નિરાશ-હતાશ થઈ દોષારોપણ કરવામાં જ સમયને વેડફીએ છીએ. કેટલીક વાર તો સ્વને ચલાવવા માટે પણ કોઈને ધક્કો મારવો પડે છે. આ પણ તો દિમાગની જ ઉપજ છે. યાદ રાખો કે હું કુમાર છું એ વાત તો અર્ધસત્ય છે. પૂર્ણ સત્ય તો એ છે કે આપણે સૌ કોઈ આત્મા છીએ. આપણે જ મોટે ભાગે ૮૪ જન્મો લીધા છે. વળી તેમાં પણ અનેક જન્મો સ્ત્રીના છે

જ! સ્ત્રીમાં રહેલી કરુણા, ત્યાગ, નિસ્વાર્થ પ્રેમ, દયા એ બધી જ વિશેષતાઓને ઈમર્જ કેમ ન કરીએ!

૩. મને સેલ્વેશન મળે તો.... મને સહયોગ-સહારો મળે તો ....

આ દલીલ વશીભૂત દિમાગની પેદાશ છે. જેઓ ભગવાનની છત્રછાયામાં રહી સ્વરક્ષણનો અનુભવ કરી શકતા નથી, ભગવાન સ્વયં સહારો-સહયોગ આપવા પહેલ કરે છે તો પણ તેનો લાભ લઈ શકતા નથી. એ વ્યક્તિઓ વિનાશી અલ્પકાળના સહારે જીવવા માગતા હોય તેને શું કહી શકાય? વળી આપણે કોની પાસે અપેક્ષા રાખીએ છીએ? એવી વ્યક્તિઓ પાસે કે જેઓ પોતે જ પરમાત્માની છત્રછાયામાં ઉછેરી રહ્યા છે! જેઓ પોતે જ પરમાત્માને સાથી બનાવી કર્મ કરી રહ્યા છે!

વ્હાલા યુવાનો, વાસ્તવમાં હકીકત તો એ છે કે આપણે જ વિશ્વના આધારમૂર્ત છીએ. યાદ રાખો બાબા સિવાય કોઈ અલ્પકાળના આધાર ઉપર પોતાનું જીવન ચલાવીશું તો અચલ બનવાના બદલે જીવનમાં માત્ર હલચલ જ પેદા થશે. હમેશાં નાની-નાની વાતોમાં જ આપણો સમય વેડફાશે. તેના બદલે શું આપણે સમય-સંકલ્પ અને શક્તિને કાર્યમાં લગાવી સફળ ન કરી શકીએ? આપણી પાસે રહેલી શારીરિક શક્તિને, કર્મણા સેવામાં ન વાપરી શકીએ? માનસિક શક્તિને શુભભાવના-શુભકામના સંપન્ન બનાવી અનેક હમજીન્સનું કલ્યાણ ન કરી શકીએ? બૌદ્ધિક શક્તિને નિર્માણના કાર્યમાં લગાડી ન શકીએ?

હા, કેમ નહીં! પણ.... પણ યાદ રાખો કે દિમાગવાળો એ ક્યારે કરી શકશે નહીં. એના માટે બેહદનું દિલ વિકસાવવું પડશે. કારણ કે દિલારામ બાપને વિશાળ દિલમાં સ્થાન આપવાથી જ આ શક્ય બનશે. બેહદનું દિલ હશે તો જ વિજયી બની શકાશે. દરિયા દિલ જ અનેકોની કમી-કમજોરીઓને સમાવી શકશે. રહેમદિલ જ સહન કરવાની તાકાત પૂરી પાડવા સક્ષમ છે. અનંત ભાવનાઓથી સંપન્ન દિલ જ બીજાઓને આગળ વધારી શકશે.

ગીત

હું તો પ્રભુપ્રિય એક જ્યોતિ છું.
ભ્રૂકુટિ મધ્યમાં જેનું આસન છે
આખા દેહ પર જેનું શાસન છે
એવું હું ઝગમગતું મોતી છું,
હું પ્રભુપ્રિય...

દિવ્યલોક એ પરમધામ છે
મારા પિતાનું શિવ નામ છે
ત્યાં મારા માટે સદા વિશ્રામ છે
પ્રભુ યાદમાં મૌલાઈ મસ્તી છું,
હું પ્રભુપ્રિય...

પ્રભુમાં સુખ-શાંતિ અનંત છે
જેની દયાનો કોઈ ન અંત છે
એને યાદ કરે ઋષિ-મુનિ-સંત છે
ખિવૈયા છે પ્રભુ મારા, હું તો એક કશ્તી છું,
હું પ્રભુપ્રિય...

હે પ્રભુ- મારા સાચા સાથી તમે
આ દિલને તમારા વિના કોઈના ગમે
મારી બુદ્ધિમાં તમારો પ્રેમ જ રમે
માયાને જે હરાવે, તે ઈશ્વરીય શિવ શક્તિ છું,
હું પ્રભુપ્રિય...

બી.કે. ભગવાનભાઈ, નડિયાદ

યજ્ઞને નિર્વિઘ્ન બનાવો

બી.કે. સૂર્ય, માઉન્ટ આબુ

'જ્યારે અહીંથી વ્યર્થ સંપૂર્ણ રીતે સમાપ્ત થઈ જશે ત્યારે આ યજ્ઞ જાદુની નગરી બની જશે.' - આ ઈશ્વરીય મહાવાકય સાંભળીને એવું કોણ હશે જે સ્વયંમાંથી વ્યર્થને સમાપ્ત કરવાનો દ્રઢ સંકલ્પ ના કરે. આ યજ્ઞ રુદ્રયજ્ઞ છે કે જેની સ્થાપના સ્વયં શિવે પોતાનું જ્ઞાન ડમરું વગાડીને કરી છે. આ યજ્ઞમાં જ સર્વ યજ્ઞોનો સમાવેશ થયેલો છે. સ્વયં ભગવાને આ યજ્ઞ રચીને એના રક્ષણની જવાબદારી પવિત્ર બ્રાહ્મણોને સોંપી અને કહ્યું, ''હે રાજઋષિઓ, તમે આ પવિત્ર યજ્ઞથી પવિત્ર બ્રહ્માભોજન ખાઓ. આ યજ્ઞ તમારી પાલના કરે અને તમે વૃદ્ધિ કરતા રહો. આ યજ્ઞ તમને મનોવાંછિત ફળ પ્રદાન કરશે.''

પવિત્ર બ્રાહ્મણ આ યજ્ઞનું રક્ષણ કેવી રીતે કરે? શું બાહુબળ યા શસ્ત્ર બળથી? નહીં. યોગબળ તથા પવિત્રતાના બળથી. આ યજ્ઞ આ કલિયુગને પાવન સતયુગમાં બદલશે અને એમાંથી નીકળનારી વિનાશ જ્વાળા કલિયુગી દુનિયાને તથા એમાં વસતા અસુરોને ભસ્મ કરશે. જે બ્રાહ્મણ એનું રક્ષણ કરશે, તેનું આવનાર મહાકાળમાં આ યજ્ઞ એમનું રક્ષણ કરશે. આ યજ્ઞ જે સર્વને અમૂલ્ય સુખ પ્રદાન કરે છે, જે વિશ્વમાં શાંતિની સ્થાપના કરે છે. જે અનેકોને વિઘ્નોમાંથી મુક્ત કરે છે તેવો યજ્ઞ સંપૂર્ણ વિશ્વમાં ફેલાઈ રહ્યો છે. આ યજ્ઞ અનેકોને બળ આપી રહ્યો છે.

આજ સુધી આ રુદ્રયજ્ઞમાં કેટલાયે પવિત્ર બ્રાહ્મણોએ પોતાનું સર્વસ્વ સ્વાહા કરી દીધું છે. આ અલૌકિક યજ્ઞ છે, જેમાં સ્વાહા થનારી ચીજો પણ સૂક્ષ્મ છે. જે વ્યક્તિ આમાં પોતાના વિકાર સ્વાહા કરે છે એને આ યજ્ઞ સોનેરીકાયા, દિવ્ય બુદ્ધિ તથા શીતલ મન આપે છે. જેઓએ પોતાનું જીવન જ યજ્ઞની વૃદ્ધિમાં લગાવી દીધું છે, એમના ભાગ્યનું તો શું વર્ણન કરવું? એવો સમય આવી રહ્યો છે કે જ્યારે સંપૂર્ણ વિશ્વ આવા આત્માઓની ચરણરજ પોતાના મસ્તક પર રાખીને સ્વયંને ભાગ્યશાળી સમજશે. પરંતુ આવશ્યકતા એ વાતની છે કે આવા આત્માઓએ સ્વયંના મહાન મૂલ્યને અત્યારે જ સમજી લેવું જોઈએ.

આ બ્રાહ્મણ પરિવાર પણ મહાન છે. જે આ યજ્ઞની રચના છે. પરંતુ સ્વાર્થવશ યા ખોટી માન્યતાઓને વશ યા સ્વયંમાં રહેલા કુટિલ સંસ્કારોને વશ કોઈ બ્રાહ્મણ આત્મા પણ આ યજ્ઞમાં વિઘ્નકારી બની જાય તો અનેક મુશ્કેલીઓ આવે છે. જેઓ યજ્ઞ પર કુરબાન થયેલા છે એમણે તો કહેવું જોઈએ કે ભલે મારું અસ્તિત્વ કેમ ન મટી જાય, મારું સર્વસ્વ ભલે લુંટાઈ જાય પણ આ યજ્ઞને આંચ નહીં આવવી જોઈએ.

યજ્ઞમાં વિઘ્નો કયા કયા પ્રકારનાં આવે છે.

આમ તો સર્વશક્તિવાન દ્વારા રચિત આ યજ્ઞમાં કોણ વિઘ્ન નાંખી શકે? તે સ્વયંજ એના રક્ષક પણ છે. કોઈપણ શુદ્ર યા રાક્ષસ પ્રવૃત્તિવાળી વ્યક્તિ દ્વારા નાંખવામાં આવતાં વિઘ્નોને આ યજ્ઞની પવિત્ર જ્વાળા સહજ જ નષ્ટ કરી દે છે. પરંતુ જો ચોર ઘરમાં જ હોય, ઉત્પાતી જો અંદર જ છુપાયેલો હોય, જો વિઘ્નકારી પોતાના જ હોય તો અવશ્ય તકલીફ પડે છે. કેટલાંક સૂક્ષ્મવિઘ્ન આ પ્રકારે છે.

અશાંતિ ફેલાવવી

આપણે આ યજ્ઞને 'પીસ પેલેસ', 'શાંતિનો ભંડાર' બનાવવાનો છે. સૌ યજ્ઞવત્સ પોતાનાં શાંતિના આંદોલનો દ્વારા તેને શાંતિકુંડ બનાવવામાં મગ્ન છે. અહીં આવીને અનેકોને પરમશાંતિનો અનુભવ થાય છે. કેટલાયે બેચેન આત્માઓ અહીં આવીને ચેનનો શ્વાસ લે છે. અહીં જેવી શાંતિ છે તેવી બીજે કયાંય નથી. પરંતુ કોઈ બ્રાહ્મણ પોતાના સંસ્કારોને વશ થઈ ખોટા વ્યવહારને વશ થઈ, અનુચિત શબ્દોનો ઉપયોગ કરીને અહીં અશાંતિ ફેલાવે તો એને અવશ્ય શિવદ્રોહી, યજ્ઞભક્ષક ગણવામાં આવશે. અને એ પણ સત્ય છે કે શાંતિના કુંડમાં અશાંતિની

સામગ્રી નાખનાર વ્યક્તિ અહીં પણ સ્વયં અશાંત રહેશે અને જન્મે જન્મે પણ એને શાંતિની શોધ કરવી પડશે.

વાતાવરણ બગાડવું

આ પવિત્રયજ્ઞ સૌને અલૌકિક અનુભવ કરાવનારો છે. અત્યારે પણ હજારો આત્માઓ અહીં દિવ્ય દર્શન કરે છે. પરંતુ સત્વરે આપણે એ સમય જોઈશું કે અહીં આવતાં જ લોકો અશરીરી બની જશે. અહીં આવતાં જ એમની હિંસાત્મક વૃત્તિ બદલાઈ જશે. પરંતુ તે ત્યારે થશે જ્યારે આપણે આ વાતાવરણને વ્યર્થથી મુક્ત કરીશું. પરંતુ જો કોઈ વ્યક્તિ વ્યર્થ વાર્તાલાપોથી, અહીંની વાત ત્યાં સંભળાવીને, નાની વાતોને વધારીને, પરચિંતન તથા નિંદા ચાડી કરીને આ વાતાવરણને નબળું બનાવે છે તો તે સ્વયંને જ નબળો બનાવે છે. સમજો કે તે ભગવાનની ઈચ્છાઓને પૂર્ણ કરવામાં બાધક છે. ત્યારે આવા માણસની શી ગતિ થશે.

અપવિત્રતા-સૌથી મોટું વિઘ્ન

આ પવિત્ર યજ્ઞથી વિનાશજવાળા પ્રજ્વલિત થશે. અહીંનું પવિત્ર વાતાવરણ સર્વને નિર્વિકારી બનવાની પ્રેરણા આપી રહ્યું છે. અહીં આવીને મનુષ્ય વિકારોને વિષ સમજે છે. પવિત્રતા તો તેનો પ્રાણ છે. પવિત્રતાના બળથી જ આ યજ્ઞ વિશ્વમાં સર્વથી અધિક શક્તિશાળી છે. આ બળને કારણે આસુરીશક્તિ આ યજ્ઞનું કંઈપણ બગાડી શકતી નથી. પરંતુ જો કોઈ દુર્બુદ્ધિ પોતાની વાસનાઓ તથા કામનાઓને વશ થઈ એમાં અપવિત્ર વાઈબ્રેશન્સ (આંદોલનો) ફેલાવે યા વિકારોનો અગ્નિ પ્રજ્વલિત કરે તો તે પ્રભુપ્રેમને પાત્ર કદી પણ નહીં બની શકે અને આવા આત્માને ત્રણે લોકમાં ક્યાંય પણ ક્ષમા મળશે નહીં. આ યજ્ઞમાં સૌથી મોટું વિઘ્ન અપવિત્રતા જ છે. પરંતુ જે આત્માઓ પોતાની શક્તિશાળી પવિત્રતાથી એને બળ પ્રદાન કરે છે તેઓ સર્વશ્રેષ્ઠ ભાગ્યના અધિકારી બનશે અને તેઓ જ ઈશ્વરીય કાર્યમાં સંપૂર્ણ સહયોગી ગણાશે.

તારાને મારું કહેવું

મોટે ભાગે સર્વ બ્રાહ્મણ એ સ્થિતિમાં રહે છે કે, ‘‘હે પ્રભુ સર્વ કાંઈ તારું’’ તેઓ પોતાનો એક એક પૈસો યજ્ઞ પ્રત્યે સમર્પિત કરે છે. તેઓ મોટી મોટી યજ્ઞશાળાઓ બનાવવામાં તન, મન, ધનનો સહયોગ આપે છે. પરંતુ કોઈ લોભી યા પાપીમનવાળી વ્યક્તિ જો ભગવાનની સંપત્તિ પર પણ આ મારી છે, મેં આપી છે, મેં બનાવી છે. એવી ભાવના રાખીને અનેકો માટે સમસ્યા પેદા કરે છે. તો એને તો ક્યાંય પણ સ્થાન નહીં મળે. અર્થાત્ એની દુર્ગતિ તો નિશ્ચિત છે.

ટકરાવ-ભયંકર વિઘ્ન

ભગવાનની સેવાઓમાં આપણે ટકરાઈએ તો લોકો આપણને અથડાનારા પથ્થર જ કહેશે. ભલે ટકરાવ ગમે તે કારણે હોય, અપવિત્રતાને કારણે - ઈર્ષ્યા દ્વેષને કારણે, તારા મારાના કારણે યા ખોટા સંસ્કાર વ્યવહારને કારણે. આ યજ્ઞમાં ભયંકર વિઘ્ન છે. યજ્ઞને નિર્બળ બનાવીને યજ્ઞવત્સોને ઉદાસ કરનાર છે. એટલે જે પણ યજ્ઞ પ્રેમી છે એમણે સ્વયં ઝૂકીને, કંઈક સહન કરીને, કંઈક સમાવીને તથા કંઈક ભૂલી જઈને, યજ્ઞને આ વિઘ્નથી મુક્ત કરતા રહીએ.

જે વ્યક્તિ પોતાના ટકરાવના સ્વભાવને કારણે યજ્ઞની વૃદ્ધિમાં વિઘ્ન નાંખે છે, એના ઉપર પણ મોટો બોજ ચઢે છે. તેઓ સત્યને જાણે. આપણું જીવન એવું હોવું જોઈએ જેથી આપણને જોઈને સર્વસ્વસ્વાહા કરનારાઓની કતાર લાગી જાય.

યજ્ઞની સમાપ્તિ ક્યારે થશે

આમતો આપણે જાણીએ છીએ કે આ યજ્ઞ ત્યારે જ સંપૂર્ણ થશે જ્યારે સમગ્ર પુરાણી દુનિયા એમાં સ્વાહા થઈને નવી સૃષ્ટિનો ઉદય થઈ જાય. પરંતુ આપણે એ પણ કહી શકીએ છીએ કે સમાપ્તિ ત્યારે જ સમીપ હશે, જ્યારે અહીં સર્વનાં મન સ્વચ્છ બની જશે અને જ્યારે અહીંથી વ્યર્થ સંસ્કાર ભસ્મ થઈ જશે. જ્યારે અહીંના પવિત્ર બ્રાહ્મણ સનતકુમાર બની જશે અર્થાત્ બાળકની જેમ પવિત્ર બની જશે. પરંતુ યજ્ઞ સમાપ્તિ પૂર્વે પ્રત્યક્ષતાનાં નગારાં વાગશે અને એમાં એમનું જ પરમ મહત્ત્વ હશે, જેઓ સદા વિઘ્નોથી મુક્ત રહ્યા હશે.

સ્વયં નિર્વિઘ્ન તો યજ્ઞ નિર્વિઘ્ન

જેઓ યજ્ઞમાં કંઈ પણ સેવા કરતા નથી પરંતુ પોતાની સ્થિતિને શ્રેષ્ઠ તથા નિર્વિઘ્ન રાખે છે તેઓ પણ યજ્ઞના સહયોગી છે. જ્યારે એક મનુષ્યની પોતાની સ્થિતિમાં વિઘ્ન આવે છે તો તે બીજાઓને વિઘ્ન અવશ્ય પહોંચાડે છે. ચિડાયેલો મનુષ્ય બીજાઓ સાથે અવશ્ય ટકરાય છે. જેનાથી ખોટો વ્યવહાર થયો હોય તે અવશ્ય બીજાઓની સાથે ખોટો વ્યવહાર કરે છે. જેનામાં કામ ક્રોધનાં કીટાણું રહેલાં હશે તે અવશ્ય તેનો ફેલાવો કરે છે. પરંતુ આ સર્વને કારણે જીવનમાં સંતોષ મળતો નથી.

જો જીવન નિર્વિઘ્ન નથી તો સાચું સુખ પણ નથી. વિઘ્નોનો અગ્નિ શાંતિને સળગાવી દે છે. આપ જુઓ કે વિઘ્નોનાં બીજ ક્યાંક સંકલ્પરૂપે આપના પોતાનામાં જ વાવેલાં નથી ને? વિઘ્ન તો આવશે જ પરંતુ એને વશ ન થવું, ધીરજ તથા હિંમતથી એને પાર કરી દેવાં તે નિર્વિઘ્ન સ્થિતિ છે.

જો આપના પુરુષાર્થમાં પણ વારંવાર વિઘ્ન પડે છે, તો તેનું કારણ શોધો. થોડી મહેનત કરીને એને દૂર કરી શકાય છે. અને જે દિવસે સ્વયંના પુરુષાર્થનો માર્ગ સાફ થઈ જશે, એ દિવસે વિઘ્ન આવવાં ઓછાં થઈ જશે અને આવનાર વિઘ્નોને પણ આપણે સહજ જ પાર કરી શકીશું.

યોગ તથા પવિત્રતાનો સહયોગ આપો

શક્તિશાળી આત્માઓ, યોગી આત્માઓ પોતાની શ્રેષ્ઠવૃત્તિથી ઘણું બધું કરી શકે છે. પરંતુ એવું ન બને કે જેઓએ જીવન સ્વાહા કરી દીધું, તેઓ વિઘ્નયુક્ત હોય અને જે ઘરગૃહસ્થમાં રહે છે તેઓ નિર્વિઘ્ન હોય. જો આમ થયું તો સંસાર આવા આત્માઓ પર અવશ્ય હસશે.

જીવન સ્વાહા કરનારાઓએ તો ખાસ મહાન યોગી તથા પવિત્રતાની દેવી બનવું જોઈએ. જો આ બે શક્તિઓ આપણી પાસે હશે, તો ભલે કોઈ ગમે તેટલી જૂથબંધી કરે, ભલે ગમે તેટલો પ્રયાસ એકતા તોડવાનો કરે, ભલે ગમે તેટલી ખોટી ફરિયાદો કરે, પણ કંઈ પણ કરી શકશે નહીં.

તો આવો, યજ્ઞને તથા સ્વયંને નિર્વિઘ્ન બનાવવા માટે આપણે દરરોજ કેટલોક વિશેષ યોગ અભ્યાસ કરીએ. એ સ્વમાનમાં વૃદ્ધિ કરીએ કે આપણે તો સંપૂર્ણ વિશ્વને વિઘ્નોથી મુક્ત કરનારા છીએ. ત્યારે આપણી પાસે વિઘ્ન ક્યાંથી આવે. યોગના વાયબ્રેશન્સ તથા શુભ ભાવનાઓના વાયબ્રેશન્સ દ્વારા આપણે સર્વકાંઈ કરી શકીએ છીએ. આપણે પવિત્રતાનો પથ પસંદ કર્યો છે. સર્વસ્વ દાવ પર લગાડી દીધું છે. તેથી આપણે શાસ્ત્રોમાં વર્ણવાયેલા પાંડવોની જેમ ભટકવું ન પડે. પવિત્રતાની દિવ્યતા સમક્ષ તો આખું વિશ્વ ઝૂકશે. તો વિશ્વને ઝૂકાવનારા કોઈ નબળાઈ સામે કઈ રીતે ઝૂકી શકે છે.

હે યજ્ઞ પ્રેમીઓ

મારું સંબોધન એ મહાન તથા પવિત્ર બ્રાહ્મણ પરિવારને છે, જેઓ જ્યાં ત્યાં આ યજ્ઞ સાથે સંલગ્ન છે. જરા વિચાર કરો. તમે અહીં શા માટે આવ્યા છો? તમે પોતાનું જીવન શા માટે કુરબાન કર્યું છે? તમે આ ત્યાગ તપસ્યાનો પથ શા માટે પસંદ કર્યો?

ચાલો સ્વચિંતનના તળિયે જઈએ. હજી શું વ્યર્થની તરફ ઝુકાવ છે? તમારે હવે શું જોઈએ? સર્વ કાંઈ તો તમને મળેલું જ છે. પછી એવું તો નથી ને કે પોતાનું સર્વકાંઈ છોડીને સન્યાસીઓની જેમ તમે ફરીથી માયામાં ફસાઈ ગયા હો!

ભગવાને તમને યજ્ઞની જવાબદારી સોંપી છે. વિચારો, શા માટે? લાયક સમજીને. હવે ભગવાનથી બેવફાઈ ન કરશો. એમની આશાઓના દીપક પ્રગટાવશો. સ્વયં પણ ઉમંગમાં રહેશો અને અન્યને પણ વ્યર્થથી મુક્ત કરશો.

ભગવાને સ્વયં આવાહ્ન કર્યું છે. ''હવે મારા યજ્ઞને નિર્વિઘ્ન બનાવો'' કેટલું સુંદર તથા ભાવપૂર્ણ આવાહન છે. કોણ આગળ આવશે. કોણ ત્યાગ કરશે. જેઓ કરશે તેઓ મહાન બનશે. તેઓ પૂજનીય બનશે.

મૌનનો મહિમા

મૌન સર્વોત્તમ ભાષા છે. મૌન સર્વોત્તમ ટૉનિક છે. મૌન વાણીનો સંયમ છે. ચૂપ રહેવાની ક્રિયાને મૌન કહેવામાં આવે છે. ઉર્દૂમાં મૌન માટે ખામોશી શબ્દ છે. મૌન રહસ્યાત્મક શબ્દ છે. કહેવામાં આવ્યું છે કે જે કામ આપણે બોલીને નથી કરી શકતા, તે આપણું મૌન કરી દે છે. મૌન રહેવું એક કઠણ જ નહીં દુષ્કર કાર્ય છે. એને પણ તપસ્યાનું એક રૂપ ગણવામાં આવે છે. મૌનથી સાધનામાં તરત જ સિદ્ધિ પ્રાપ્ત થાય છે. મૌન સાધનાને સર્વ તપોમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. પ્રાચીનકાળમાં જે વ્યક્તિ મૌન વ્રત ધારણ કરતી હતી તે મુનિ કહેવાતી હતી. સર્વ જૈન તીર્થંકરોનો એ શાશ્વત નિયમ રહ્યો કે જ્યાં સુધી તેઓ સમદર્શી બની જતા નથી, ત્યાં સુધી મૌન સાધના કરે છે. ઉપદેશ પણ આપતા નહોતા. મૌનથી ધ્યાનમાં એકાગ્રતા વધે છે. આત્મિક ઉર્જા પ્રગટ થાય છે.

મનુએ ત્રણ સ્થાનો પર સર્વ વ્યક્તિઓને મૌન રહેવાનો નિર્દેશ કર્યો છે. સ્નાન, હવન તથા ભોજન કરતી વખતે. મનુસંહિતામાં કહેવામાં આવ્યું છે કે સ્નાન કરતી વખતે બોલનારાઓને વરુણદેવ, હવન કરતી વખતે બોલનારાઓને અગ્નિદેવ તથા ભોજન કરતી વખતે બોલનારાઓનું યમ દેવતા હરણ કરી લે છે. એટલે આ ક્રિયાઓ કરતી વખતે મૌન રહેવું જોઈએ. મૌન રહેવાથી મિત્રતા વધે છે. મૌની સાધક સર્વનો પ્રિય પાત્ર બની જાય છે. તે સર્વ માટે આકર્ષણનું કેન્દ્ર બની જાય છે. એને સૌ સાંભળવા ઇચ્છે છે.

લોંગફેલોએ આત્માના બે મિત્ર બતાવ્યા છે. મૌન અને એકાંતવાસ. મૌન રહેવાથી મનમાં તાજગી આવે છે, ગુમાવેલી શક્તિ પાછી મળે છે. મૌનથી શ્રેષ્ઠ મનુષ્યનું નિર્માણ થાય છે. મૌન મહા માનવ પેદા કરે છે. મૌનથી સભ્ય માનવતાનો જન્મ થાય છે. મૌનનો અર્થ માત્ર ચૂપ રહેવા સુધી સીમિત નથી પરંતુ મનને વિધિપૂર્વક લક્ષ્ય પ્રાપ્તિની દિશામાં લઈ જવાના સંકલ્પના નિર્માણમાં પણ છે. આ રીતે કરવામાં આવેલો સંકલ્પ આપને મન ઇચ્છિત ફળ પ્રાપ્ત કરાવે છે. એટલે જ કહેવામાં આવે છે કે જેવું વિચારીએ છીએ તેવું પ્રાપ્ત કરીએ છીએ. આ રીતે મૌની કદી કોઈને નુકસાન પહોંચાડી શકતો નથી. જ્યારે મનુષ્ય બોલીને પરિવાર, સમાજમાં કલહ, વિગ્રહ, વિદ્વેષ, આપસી મતભેદ અને હિંસાને ભડકાવે છે. જેટલાં પણ તોફાનો અને ખૂન ખરાબા થાય છે એમાં ઉત્તેજક શબ્દ, ભડકાવે તેવાં ભાષણ જ કારણરૂપ બને છે. કહેવાય છે કે પહેલાં બોલી ચાલે છે પછી ગોળી ચાલે છે. 'वाद-विवाद विष वर्धना, बोले बहुत उपाध । मौन गहे सबकी सहे, सुमिरे नाम अगाध ।।' ભારત જ નહીં પરંતુ વિશ્વ ઈતિહાસ એ વાતનો સાક્ષી છે કે જેટલાં પણ અનર્થ, યુદ્ધ નરસંહાર થયા, એમાં મોટું કારણ વાણી જ રહી છે. 'अंधे के बेटे अंधे होते हैं'ના ઉચ્ચારણથી મહાભારતનું યુદ્ધ થયું. દશરથ જો કૈકેયીને વચન ના આપતા, તો રામને ચૌદ વર્ષનો વનવાસ ના થતો. ઘર, પરિવાર સમાજમાં લડાઈ ઝગડા થાય છે. કેટલાયે શબ્દ-અપશબ્દોનો ઉપયોગ થાય છે. જો એક પક્ષ મૌન થઈ જાય, તો બીજો પક્ષ એની મેળે શાંત થઈ જાય છે. મૌનથી કલહનો નાશ થાય છે.

મૌનનો મહિમા

૧. મૌનથી સ્વયંના ઉપર નિયંત્રણ આવે છે.
૨. મૌનથી કલેશ અને સંઘર્ષ દૂર થાય છે.
૩. મૌન જીવનનો પરમમિત્ર છે, પરમ સહાયક છે. ધર્મની ચેતના છે.
૪. મૌન આધ્યાત્મિક અને વ્યવહારિક સ્ફૂર્તિરૂપ છે.
૫. મૌનમાં કરેલી સાધના પૂર્ણ થાય છે.
૬. મૌન વિચાર માટે ટૉનિક બને છે.
૭. મૌનથી આત્મચિંતન માટે બળ મળે છે.
૮. મૌનથી મંત્રને બળ મળે છે. તથા તે ફળદાયી હોય છે.
૯. મૌનથી જીવનમાં શાંતિ આવે છે.
૧૦ જ્યાં મૌનની પૂર્ણતા હોય છે, ત્યાં વિવેકની પ્રતિષ્ઠા થાય છે.
૧૧ જેની જીભ લાંબી, એનો સંસાર લાંબો. જેની જીભ નાની એનો સંસાર નાનો.

જીંદગી એક પાર્સલ

બ્ર.કુ. નીતા, પાટણ

જીંદગી એક પાર્સલ છે. જીવનના પાર્સલ ઉપર મૃત્યુની મહોર વાગે તે પહેલાં મારે ક્યાં જવું છે તેનું સરનામું ચેક કરી લેવું જરુરી છે. ઘણીવાર સામાન્ય સ્થળેથી અસામાન્ય માહિતી સાંપડે છે. માત્ર ઝીણી નજરેથી જોવાની નજર રાખવી પડે છે. લોખંડને કાપવા માટે કુહાડીની જરુર નથી પડતી પણ નાની છીણીની જરૂર પડે છે. રેતીના ઢગલામાંથી ખાંડનો દાણો હાથી નથી શોધી શકતો. પરંતું કીડી પકડી પાડે છે. આમ જુઓ તો પોસ્ટ ઓફીસ આપણા માટે દરરોજની આવન - જાવનનું સામાન્ય સ્થળ છે. આ પોસ્ટ ઓફીસમાં આપણે પરબિડીયું, અંતરદેશીય પત્ર,ટીકીટ, મનીઓર્ડર કે કોઈ વસ્તુ લેવા જઈએ છીએ. પુસ્તકોને બહારગામ મોકલવાના હોય ત્યારે આપણે તેનું પાર્સલ કરીએ છીએ. તે સમયે પેલું પારસલ આપણને જાણે કહેતું હોય કે ‘‘ભલા આદમી મારું પારસલ કરો છો પણ તમે તમારા પાર્સલનો વિચાર કર્યો છે ખરા?’’ વરસાદની પાછળ કાદવ,ગુલાબની પાછળ કાંટા, પાણી હોય ત્યાં સેવાળ પણ હોય છે. તેમ જન્મની પાછળ મરણ પણ અવશ્ય હોય છે.

પોસ્ટના પાર્સલમાં એકાદ મીટર કાપડ વપરાય છે. જ્યારે આપણું પાર્સલ તૈયાર કરવા માટે નવીન ધોતી,સાડી ઉપયોગમાં લેવાય છે. અનામીની નનામી કદી હોતી નથી. નનામી નામીની હોય છે. પોસ્ટના પાર્સલનું વજન થાય છે. આપણા પાર્સલનું વજન થતું નથી. કારણ કે સમાજમાં મોટાભાગના માણસો વજનને યોગ્ય બન્યા સિવાય જ મરણ પામે છે.

પોસ્ટના પાર્સલ ઉપર ટીકીટ લગાવવામાં આવે છે. પણ આપણા પાર્સલ પર ટીકીટ લગાવતા નથી. કારણ કે પરમાત્માએ રીટર્ન ટિકિટ આપીને જ મોકલ્યા છે. પોસ્ટના પાર્સલને લઈ જવા માટે એક ટપાલીની જરૂર પડે છે. આપણા પાર્સલને લઈ જવા માટે ચાર ટપાલીની જરૂર પડે છે. પાછળ બીજા ઘણા તૈયાર જ હોય છે. પોસ્ટનું પાર્સલ વિદાય થાય ત્યારે કોઈની આંખમાં આંસુ નથી હોતાં, આપણા પાર્સલ વિદાય ટાણે સગા સ્નેહીજનો રડે છે.

પોસ્ટનું પાર્સલ પણ જનરલ પોસ્ટ ઓફીસમાં છૂટે છે. આપણું - સ્મશાન ગૃહમાં છૂટે છે. પોસ્ટનું પાર્સલ કદાચ ગૂમ થાય પણ આ પાર્સલ ગૂમ થતું નથી. ભલભલા ચમરબંધીનાં પાર્સલ છૂટી જાય છે. આ છે આપણા જીંદગીના પાર્સલની કરુણ કહાની.

ગીત

મારા ભાઈઓ શીખી લ્યો રાજયોગ,
મારા બેનો શીખી લ્યો રાજયોગ.
ભાગ્યથી મળ્યો છે ઉત્તમ સંજોગ,
મારા ભાઈઓ...
મન ખુશીથી છલકાશે આજ,
જાણે દિલમાં ગુંજન કરે છે સાજ.
આત્માની જ્યોતિ ચમકશે એવી,
ચમક હશે સાચા હીરા જેવી.
તન-મનમાંથી ભાગે હર રોગ,
મારા ભાઈઓ...
રાજયોગથી આવે છે સંયમ,
દૂર થાય છે જીવનના સૌ ગમ.
આત્મા અને પ્રભુના મિલનનો
આનંદ લે છે આજે જન-જન
જો-જો, તમે ના ચૂકતા આ સંયોગ,
મારા ભાઈઓ...

બી.કે. ભગવાનભાઈ, નડિયાદ

કુશળ પ્રશાસન માટે નૈતિક મૂલ્ય જરૂરી

આધુનિક સમાજમાં દરેક ક્ષેત્રમાં મનુષ્યે ભૌતિક પ્રગતિ તો કરી છે પરંતુ તે આધ્યાત્મિક અને નૈતિક મૂલ્યોની મોટે ભાગે ઉપેક્ષા કરી રહ્યો છે. પછી તે શાસન, પ્રશાસન અથવા કોઈ પણ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકો હોય. સૌમાં નૈતિક આદર્શોમાં પતન થયું છે. એના પરિણામ સ્વરૂપ જ સમાજમાં અવ્યવસ્થા, અનીતિ અને અન્યાય, આપસી વિવાદ, ઝગડા તથા અનેક પ્રકારના ભ્રષ્ટાચાર અને અત્યાચારના પ્રશ્નો સામે આવી રહ્યા છે.

કુશળ પ્રશાસન માટે નીચેના મૂલ્યો જરૂરી છે.

સદ્ભાવના : સર્વ પ્રત્યે ભેદભાવ રહિત શુભભાવના, કલ્યાણની ભાવના, સમતા અને સમાન હોવું જરૂરી છે. પ્રશાસકને કાર્યો કરતી વખતે અનેક પરિસ્થિતિઓનો સામનો કરવો પડે છે. આવી સ્થિતિમાં એણે પ્રત્યેક ધર્મ, જાતિ, સંપ્રદાયના લોકોનું સન્માન કરવું જરૂરી છે. સદા સર્વ ધર્મો પ્રત્યે સદભાવના રાખવી એની સાથે સર્વની સાથે સદ્ભાવનાપૂર્ણ વ્યવહાર કરવો જોઈએ. પ્રશાસકનો સદ્ભાવનાપૂર્ણ વ્યવહાર ઘણો પ્રભાવ પાડે છે.

મધુરતા : તીરનો જખમ રુઝાઈ જાય છે પણ શબ્દોના જખમ રુઝાતા નથી. એટલે શિક્ષણ અને સજા પણ મધુરતા પૂર્ણ હોવાં જોઈએ. થોડું, ધીરે, મીઠું બોલવાથી મન એકાગ્ર અને શાંતિ રહે છે. શક્તિ વ્યર્થ જતી નથી. સૌ લોકો એનું સન્માન પણ કરે છે. ક્રોધ અને આવેગમાં કહેલી વાતનો મોટો પ્રભાવ પડે છે. સદા પોતાની હાથ નીચેના માનવો સાથે મધુર વ્યવહાર કરો.

પ્રસન્નતા : પ્રશાસક જો પ્રસન્નચિત્ત છે તો તે લોકોની અડધી સમસ્યાઓ પ્રત્યક્ષ મુલાકાતથી જ દૂર કરી શકે છે. એનાથી લોકોને બીનજરૂરી ભય લાગતો નથી. પ્રસન્નચિત્ત વ્યક્તિ હમેશાં સાચો નિર્ણય લઈ શકે છે. બીજાઓને પણ એની પાસેથી પ્રેરણા મળે છે.

પ્રેમ : કહેવાય છે કે પ્રેમ પથ્થરને પણ પાણી બનાવી દે છે. સૌથી મોટો સ્નેહ આત્મિક સ્નેહ છે. જે આપણી દ્રષ્ટિ અને વ્યવહાર દ્વારા અભિવ્યક્ત થાય છે. સ્વાર્થરહિત પ્રેમ ભાવના જ જીવનને સુંદર અને મહાન બનાવે છે. પ્રશાસનમાં કાયદો તો છે પણ પ્રેમના અભાવને કારણે એનું પાલન થઈ શકતું નથી. પ્રેમથી બીજાઓના દિલો ઉપર શાસન કરી શકાય છે.

સરલતા : પ્રશાસક માત્ર પ્રશાસક જ હોતો નથી પણ લોકોનો માર્ગદર્શક પણ હોય છે. એટલે એનું જીવન આદર્શ હોવું જોઈએ. સાદગી, સરલતા, ઉચ્ચ વિચાર, આ સદગુણોથી જ આપણે બીજાઓને કંઈક શીખવાડી શકીએ છીએ. પ્રશાસકનો વ્યવહાર સરલ હોવાથી સાથેનો અધિકારી પોતાની સમસ્યા ખુલ્લા મને જણાવી શકે છે. સાથે એને કોઈ ભય રહેતો નથી. અધિકારીનો સરલતાપૂર્ણ વ્યવહાર સીધો પ્રભાવ પાડે છે.

ન્યાય : જે પક્ષપાત રહિત અને સ્વાર્થ રહિત રહીને સૌથી સાથે ન્યાય કરે છે તે પ્રશાસક છે. એક મૂલ્યનિષ્ઠ પ્રશાસકનો સર્વ અધિકારી કર્મચારી પ્રત્યે એકસમાન વ્યવહાર હોય છે. તે સર્વના અધિકારોનો સમાન રૂપથી ન્યાય કરે છે. કોઈ પૂર્વગ્રહ કે અન્ય બાબતોને લઈને નિર્ણય નહીં લેવો જોઈએ. ન્યાય હમેશાં સચ્ચાઈ પર સાચો કરવો જોઈએ.

જ્ઞાન : જે રીતે શરીરને ચલાવવા માટે અને કોઈ કાર્યને કરવા માટે ટેકનીકલ જ્ઞાન જોઈએ. એ રીતે મૂલ્યોના વિકાસ માટે પણ આધ્યાત્મિક જ્ઞાન જરૂરી છે. જ્ઞાનમાં શક્તિ છે, પ્રકાશ છે. જેનાથી દુર્ગુણોનું અંધારું દૂર થાય છે.

શાંતિ : જો આપણે આત્મચિંતન કરીએ તો આપણને અનુભવ થશે કે હું છું જ શાંત સ્વરૂપ આત્મા. કહેવાય છે કે શાંતિમાં શક્તિ છે એટલે જ સર્વને શાંતિની જરૂર પડે છે. બીજાઓને અશાંત કરીશું. સાચો નિર્ણય પણ લઈ શકીશું નહીં. તેથી દિલોને જોડીએ. તોડીને ટુકડા ના કરીએ. પ્રત્યેક વ્યક્તિ પ્રેમપૂર્ણ, શાંતિપૂર્ણ રહેવા ઇચ્છે છે. શાંતિ સર્વને પ્રિય લાગે છે.

સ્નેહ : પ્રયોગો દ્વારા એ જાણવા મળ્યું છે કે માત્ર

દંડ અને કાયદાથી વ્યક્તિઓમાં પરિવર્તન આવી શકતું નથી. એક અધિકારી માટે પોતાની હાથ નીચેના માણસો પાસેથી અપેક્ષિત સહયોગ અને અનુશાસન માટે કાયદો અને નિયમો ઉપરાંત પ્રેમપૂર્ણ વ્યવહાર અને સ્નેહથી કામ લેવું જોઈએ. પ્રેમ માણસની નબળાઈ પણ છે અને એક ઉચ્ચ માનવીય મૂલ્ય પણ છે. જે શાસકોમાં હોય તે જરૂરી છે.

નમ્રતા : માનવ ભલે નાનો હોય યા મોટો સર્વ સાથે નમ્રતાનો વ્યવહાર બીજાઓને પોતાના બનાવવા અથવા એમના દિલને જીતવાને માટે અને સર્વનો સહયોગ લેવા માટે એક જાદુનું કામ કરે છે. પ્રશાસકો માટે નૈતિકમૂલ્ય હોવા ઘણાં જરૂરી છે. પ્રશાસકના નમ્રતાપૂર્ણ વ્યવહારથી પોતાને આધીન લોકો ગર્વનો અનુભવ કરે છે. સાથે તેઓ ખુશ અને સંતુષ્ટ રહે છે.

એકતા : કોઈ પણ કાર્ય એકતાવિના સફળ થતું નથી. કોઈ તંત્ર યા એકમની ઉત્પાદકતા વધારવા માટે આપસી એકતા જરૂરી છે. જ્યારે વિચારો અને વ્યવહારમાં સત્યતા, સભ્યતા અને પવિત્રતા હોય ત્યારે જ એકતા આવી શકે છે. એકતા માટે એકબીજાના ગુણો પર અધિક ધ્યાન આપવું જરૂરી છે અને ભૂલોને માફ કરવી જરૂરી છે.

પવિત્રતા : વ્યવહારમાં મન, વચન, કર્મની પવિત્રતા રાખવાથી જ આપણે કોઈ વ્યવસ્થાને સુખ-શાંતિમય બનાવી શકીએ છીએ. સાથે આપણા વિચાર પવિત્ર સુંદર અને સકારાત્મક થવાથી આપણે જે પણ કર્મ કરીશું તે પણ સુંદર, શ્રેષ્ઠ અને ફળદાયી હશે.

સહયોગ : જેમ શરીરમાં સર્વ અંગોની પોતપોતાની વિશેષતા છે અને સર્વના તાલમેલથી જ જૈવિક ક્રિયાઓ સારી રીતે ચાલે છે. એ રીતે કોઈ એકમ અથવા સંગઠનમાં પ્રશાસકથી લઈને સાધારણ કર્મચારી સુધી સૌમાં સ્નેહ અને તાલમેલના આધારે જ સહયોગની ભાવના જાગૃત કરવી જરૂરી છે. સહયોગ જ સફળતા અને એકબીજાની દિલની દુઆઓનો આધાર છે.

જવાબદારી : આજની પરિસ્થિતિમાં કર્મચારી, અધિકારી વગેરે સર્વ વર્ગોમાં સ્વાર્થ અને લોભવૃત્તિ વધતાં જવાબદારીની ભાવના ઓછી થઈ છે. કાર્ય પ્રત્યે ઉદાસીનતા અને બેદરકારી વધી છે. આ એક ખતરનાક સ્થિતિ છે. એટલા માટે જો પ્રશાસક સ્વયં જવાબદાર બનીને કાર્ય કરશે તો તે બીજાઓમાં જવાબદારી અને કર્તવ્યનિષ્ઠાનો ભાવ અદા કરી શકે છે.

સ્વતંત્રતા : મનુષ્ય સ્વભાવથી સ્વતંત્ર રહેવા માટે ટેવાયેલો છે. એટલે પ્રશાસકોની જવાબદારી છે કે તે પોતાના હાથ નીચેના અધિકારીઓ, કર્મચારીઓ માટે એવું વાતાવરણ બનાવે જેમાં કોઈ ગૂંગળામણ, દબાણનો અનુભવ ના કરે. ત્યાં એના અધિકારોની સુરક્ષા અને કલ્યાણનો પૂરો પ્રબંધ હોય તો તેઓ અપેક્ષાથી અધિક ઉત્સાહથી કાર્ય કરી શકે છે.

ચિંતનિકા

સૌથી મહાન સફળતાને પ્રાપ્ત કરેલા જે માણસોને હું ઓળખું છું તે બધા આશાવાદી હતા. ભાવિ ગમે તેટલું તિમિરમય યા નિરાશાજનક લાગતું હોય તો પણ તે અંતિમ પરિણામ પરની પોતાની શ્રદ્ધાને ચીવટથી વળગી રહે છે. આવી આશાવંત મનોવૃત્તિ આપણને અજ્ઞાત એવી કોઈ ભેદભરેલી રીતે આપણી જરૂરી વસ્તુનું આકર્ષણ કરે છે. જ્યારે આપણે તેને શોધતા હોઈએ, ત્યારે તે પણ આપણને શોધતી હોય છે.

Printed by BK Sarlaben R. Somaiya and Published by BK Ushaben B. Vajani for Prajapita Brahmakumaries Ishwariya vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd. J & K, Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad-380004 Published from Prajapita Brahmakumaries Ishwariya vishwa Vidyalaya, 1, Chaturbhuj colony, Rajyoga Bhawan, Kankaria, Ahmedabad-380 028, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas D. Prajapati.

વડોદરા ગ્લોબલ હોસ્પીટલ દ્વારા 'હૃદયરોગ, હાઈબ્લડ પ્રેસર અને ડાયાબિટીશ માટે મફત નિદાન કેમ્પ'નાં ઉદ્‌ઘાટનમાં બ્ર.કુ. રાજબેન, ડૉ.સી.ટી. પુરોહિત, ડૉ. વિશાલ ગુપ્તા, ડૉ. પી.ટી.શાહ તથા બ્ર. કુ. ભગવાનભાઈ.

સાત વખત ભારતીય રાષ્ટ્રીય ફિલ્મ એવોર્ડ મેળવનાર 'દાદા સાહેબ ફાળકે એવોર્ડ'-'પદ્મવિભૂષણ'થી સન્માનીત ફિલ્મ નિર્માતા ભ્રાતા અદૂર ગોપાલ કૃષ્ણનને ઈશ્વરીય ભેટ આપતાં બ્ર.કુ.રત્પાબેન અને બ્ર.કુ. દીપકભાઈ.

વાંસદા સેવાકેન્દ્રમાં 'ગુજરાત સ્વર્ણિમ જયંતી' કાર્યક્રમનું દીપ પ્રજ્વલન કરતાં સરકારી આયુર્વેદિક હોસ્પીટલનાં ડૉ.નયનાબેન, BJP પ્રમુખ જાગૃતિબેન, બ્ર.કુ. ગીતાબેન તથા બ્ર.કુ. સાધનાબેન.

કટોસણ સેવાકેન્દ્ર દ્વારા 'ગુજરાત સ્વર્ણિમ જયંતી' નિમિત્તે ૫૦ કલાક તપસ્યા ભઠીનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. દર્શિતાબેન તથા બ્રાહ્મણ પરિવાર.

વલસાડમાં 'કર્મ અને ભાગ્ય' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. શિવાનીબેન, મેયર સોનલબેન, ધારાસભ્ય ભ્રાતા ભરતભાઈ, સુગર ફેકટરીનાં ચેરમેન ભ્રાતા અરવિંદભાઈ, બ્ર.કુ. રંજનબેન તથા બ્ર.કુ. રોહિતભાઈ.

વાવોલ સેવાસ્થાનના વાર્ષિકોત્સવ કાર્યક્રમમાં ઉપસ્થિત મધુસૂદન મહારાજ, બ્ર.કુ. નેહાબેન, શ્રી છગનદાસજી મહારાજ, બ્ર.કુ. મોહનભાઇ, બ્ર.કુ. મનોજભાઇ, બ્ર.કુ. સવિતાબેન, બ્ર.કુ. ધર્મિષ્ઠાબેન તથા બ્ર.કુ. હંસાબેન.

સુરેન્દ્રનગરમાં રામકથા સપ્તાહમાં ઈશ્વરીય સંદેશ આપતાં બ્ર.કુ. હર્ષાબેન.

રાજકોટ ગોપવંદના સેવાકેન્દ્રના દશાબ્દી મહોત્સવ કાર્યક્રમમાં કેક કાપતાં બ્ર.કુ. ભારતીબેન, બ્ર.કુ. ગીતાબેન તથા બ્ર.કુ. અંજુબેન.

રાજકોટ અવધપુરીમાં બાળકોની શિબિરમાં 'મારું રાજકોટ, વ્યસન મુકત રાજકોટ'ની સમજૂતી આપતાં બ્ર.કુ. ભારતીબેન તથા પ્રતિજ્ઞા કરાવતાં બ્ર.કુ. અંજુબેન, બ્ર.કુ. કિંજલબેન.

કેશોદ સેવાકેન્દ્રમાં આયોજિત ડૉક્ટર્સ સ્નેહ મિલન કાર્યક્રમમાં ઉપસ્થિત ડૉ. ઉરેશ જૈન, બ્ર.કુ. રુપાબેન તથા શહેરના અગ્રણી ડૉક્ટર્સ ભાઈ-બહેનો.

ઓઢવ સેવાકેન્દ્રના ૩૦મા વાર્ષિક ઉત્સવ કાર્યક્રમમાં મ્યુ. કૉરપોરેશન રિક્રીએશન કમિટીના ડેપ્યુટી ચેરપરસન ડૉ.ચંદ્રાવતીબેન, ગુજરાત યુવા માલધારી વિકાસ મંચના પ્રમુખ ભ્રાતા અશોકભાઈ દેસાઈ, રાજયોગિની સરલાદીદી,બ્ર.કુ. કોકિલાબેન, બ્ર.કુ. ઉષાબેન.

ધારી સેવાકેન્દ્ર દ્વારા આયોજિત 'સ્વાસ્થ્ય, સમૃધ્ધિ અને ખુશી' શિબિર દરમ્યાન કુમારીઓ દ્વારા 'દેશ ભકિત નૃત્ય'ની પ્રસ્તુતી.

મણીચાસા સેવાકેન્દ્રના નવ નિર્મિત ભવનના ઉદ્‌ઘાટન પ્રસંગે કેક કાપતાં રાજયોગિની સરલાદીદી, બ્ર.કુ. અમરબેન, બ્ર.કુ. સંગીતાબેન, બ્ર.કુ. ઉષાબેન, બ્ર.કુ. તરબેન તથા બ્ર.કુ. રીટાબેન.

બગસરામાં ખુશનુમા જીવન શિબિરનું ઉદ્‌ઘાટન કરતાં મહંત જેરામબાપુ, પટેલ સમાજના પ્રમુખ ભ્રાતા લાલજીભાઈ હીરાની, બ્ર.કુ. તૃપ્તિબેન, બ્ર.કુ. ગીતાબેન.

વડોદરા અટલાદરામાં 'Balance Sheet of Life' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં પેરામાઉન્ટ લી.ના ચેરમેન ભ્રાતા કેવલકૃષ્ણભાઈ, પૂર્વ ડેપ્યુટી મેયર ભ્રાતા અરવિંદભાઈ, ગવર્મેન્ટ ડેન્ટલ કૉલેજનાં ડીન ભ્રાતા ગિરીશભાઈ, ભ્રાતા સોમાભાઈ મોદી, બ્ર.કુ. દીપાબેન અને બ્ર.કુ. અરુણાબેન.

અમદાવાદ કુબેરનગરમાં આયોજિત સ્નેહમિલનમાં નિરંકારી મંડળ ગુજરાતનાં પ્રમુખ ભ્રાતા ઘનશ્યામદાસજી, બ્ર.કુ. નીતાબેન અને બ્ર.કુ. અનિતાબેન.

અમદાવાદ લોટસ હાઉસમાં 'ગુજરાત સ્વર્ણિમ જયંતી' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં મ્યુ.કૉરપોરેટર ભ્રાતા બિપીન સિક્કા, DD સિંધી ચેનલનાં ડાયરેકટર ભ્રાતા જગદીશ શેહદાદપૂરી, ડૉ.કોઠારી, બ્ર.કુ. શારદાબેન અને બ્ર.કુ. ભારતીબેન.

જલાલપોર સેવાકેન્દ્ર દ્વારા 'ગુજરાત સ્વર્ણિમ જયંતી વર્ષ'ની વિગતો આપતાં બ્ર.કુ. ભાનુબેન, નગરપાલિકાના કૉરપોરેટર ભ્રાતા અશ્વિનભાઈ, યુવક મંડળના પ્રમુખ ભ્રાતા ભરતભાઈ, બ્ર.કુ. ગીતાબેન.

રાજકોટ પંચશીલ સેવાકેન્દ્રમાં 'સ્વર્ણિમ જયંતી વર્ષ'નું દીપ પ્રજ્વલન કરી ઉદ્‌ઘાટન કરતાં બ્ર.કુ. ભારતીબેન, તથા બ્રહ્માકુમારી બહેનો.

નવસારીમાં 'ગુજરાત સ્વર્ણિમ જયંતી વર્ષ' કાર્યક્રમમાં મંચાસીન જિલ્લા ન્યાયાધીશ ભ્રાતા બી.એમ.ત્રિવેદી, બ્ર.કુ. ગીતાબેન.

મણિનગરમાં 'સ્વર્ણિમ જયંતી વર્ષ'નાં ઉદ્‌ઘાટનમાં રાજયોગિની સરલાદીદી, સ્વામી આત્મભોલાનંદજી, સાબરમતી સેન્ટ્રલ જેલના અધિક્ષક ભ્રાતા આર.એસ.ભગોરા(IPS), AMTS ટ્રાફિક ડાયરેકટર ભ્રાતા જીતેન્દ્રભાઈ, આંતરરાષ્ટ્રીય ચેસ ખેલાડી ભ્રાતા નિરવભાઈ, બ્ર.કુ.ઉષાબેન.

અમદાવાદ ઈન્ડીયા કૉલોનીમાં 'ગુજરાત સ્વર્ણિમ જયંતી' નિમિત્તે ૫૦ કલાક યોગ ભઠ્ઠીનું ઉદ્‌ઘાટન કરતા મ્યુ. કૉરપોરેટર ભ્રાતા લીયાકતભાઈ, ભ્રાતા મહેશભાઈ, ભ્રાતા વિરેન્દ્ભાઈ, બ્ર.કુ.ભાનુબેન તથા બ્ર.કુ.બાબુભાઈ.

વટવા સેવાકેન્દ્ર ઉપર 'ગુજરાત સ્વર્ણિમ જયંતી' કાર્યક્રમના દીપ પ્રજ્વલન બાદ શુભેચ્છકો સાથે બ્ર.કુ. તારાબેન.

અમદાવાદ બોપલ સેવાકેન્દ્રમાં 'સ્વર્ણિમ જયંતી વર્ષ' નિમિત્તે ગુજરાતના નકશાના આકારમાં દીપ પ્રાગટ્ય બાદ બ્રહ્માવત્સો સાથે બ્ર.કુ. રંજનબેન.

Gyan Amrit

Vol.7. | Issue 7 | July 2014| Retail Price - 7.50/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842.
Published on 1st of every month. Registered under Postal Registration No. AHD-C/21/2014-2016 Vaild up to 31st December-2016 Issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 4th of every month.

માઉન્ટ આબુમાં શિક્ષા પ્રભાગની કૉન્ફરન્સમાં નિરમા યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ ડૉ. કરસનભાઈ પટેલને 'શિક્ષા વિભૂષણ' એવોર્ડથી સન્માનીત કરતાં રાજયોગિની દાદી હૃદયમોહિનીજી.

આબુરોડમાં શિક્ષા પ્રભાગની ટીચર્સ કૉન્ફરન્સમાં ગણપત યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ ભ્રાતા અનિલભાઈ પટેલને 'શિક્ષા વિભૂષણ' એવોર્ડથી સન્માનીત કરતાં રાજયોગિની સરલાદીદી તથા બ્ર.કુ. મૃત્યુંજયભાઈ.

માઉન્ટ આબુ ખાતે શિક્ષા પ્રભાગ અને ગણપત યુનિવર્સિટી સાથે 'મૂલ્ય શિક્ષા અને આધ્યાત્મિકતા'ના અભ્યાસક્રમોનાં MOUમાં હસ્તાક્ષર કરતાં રાજયોગિની દાદી હૃદયમોહિનીજી.

જ્ઞાનસરોવરમાં શિક્ષા પ્રભાગના સેમીનારમાં 'શિક્ષા વિભૂષણ' એવોર્ડ સ્વીકાર્યા બાદ સ્વઅનુભવ સંભળાવતા નિરમા યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ ડૉ. કરસનભાઈ પટેલ.

જ્ઞાનસરોવરમાં સેમીનારમાં શિક્ષા પ્રભાગ અને ગણપત યુનિવર્સિટી સાથે અભ્યાસક્રમોનાં MOU બાદ પોતાનાં વિચાર પ્રસ્તુત કરતા મહેસાણાની ગણપત યુનિવર્સિટીના પ્રેસીડેન્ટ ભ્રાતા અનિલભાઈ પટેલ.

આબુમાં આયોજિત પ્રશાસક વર્ગ સંમેલનમાં દીપ પ્રજ્વલન કરતાં રાકેશ મહેતા (IAS), અશોકકુમાર તરેનીયા(IAS), આર.કે.મિત્તલ(Ex.IAS), સૂર્ય પ્રસાદ શર્મા, બ્ર.કુ. બ્રીજમોહનભાઈ, બ્ર.કુ. આશાબેન, બ્ર.કુ. અવધેશબેન તથા બ્ર.કુ. હરીશભાઈ.